
# સહજ-સત્સંગ

અંક : ૨૪૦ વર્ષ : ૨૦ કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા ડીસેમ્બર : ૨૦૦૮



**યોગી બનું**

હું કર્મયોગી કર્મયોગનો, કામ સર્વે કરતો ફરું,
પણ ક્ષણે ક્ષણે પ્રતિ સ્થળે, હું દિવ્યતા તેને અર્પતો રહું.




**શ્રી માતાજી**

આદ્યાશક્તિ જગદંબિકા, સૃજન-શક્તિ ચૈત્યાત્મિકા ।
ઈશ્વરેચ્છાનુસારેણ, સાધના ત્વયા કોષે કૃતા ॥

# પ્રાર્થના અને ધ્યાન

(૧૭-૪-૧૪)



વ્યવહારની અંદર વ્યક્તિનું તત્ત્વ એ તો તારો સંકલ્પ અને તારી શક્તિઓને કામ કરવા માટેનું અનિવાર્ય... એવું માધ્યમ છે..... વ્યક્તિત્ત્વનું સ્વરૂપ જ એવું છે કે તે પોતે એક સ્વતંત્ર અસ્તિત્ત્વ ધરાવતી વસ્તુ છે એવી ઘાતક ભ્રાંતિમાં સહેલાઈથી ખેંચાઈ જાય છે. અને ધીરે ધીરે તારી અને જેના ઉપર તું કામ કરવા માગે છે એ બેની વચ્ચે પડદારૂપ બની જાય છે.... આ વ્યક્તિ પછી તારો વફાદાર સેવક બની શકતી નથી... કર્મના સર્વ પરિણામોને મિથ્યા બનાવી દેતો દુષ્ટ વ્યાધિ આ છે...

'હુ'ને ઓગાળી નાખવો કે... દુર્બળ બનાવી દેવો એ તો તારા હાથમાંથી, પુરેપુરું કે થોડુંઘણું આવિર્ભાવના સાધનને ઝૂંટવી લેવા જેવું બને.... અમારા 'હું'ને તારાથી સ્વતંત્ર એવું કોઈ અસ્તિત્ત્વ છે જ નહિ.

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૪૦ વર્ષ : ૨૦

ડીસેમ્બર - ૨૦૦૮

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઑફિસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩ ૭૩૯૨૯**


ટ્રસ્ટી મંડળ :
**ભારતીબેન ત્રિવેદી**
**હર્ષદભાઈ ઠકરાર**
**લલિતભાઈ ઉપાધ્યાય**
**કમલેશભાઈ માંડવિયા**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005



લવાજમ

**વાર્ષિક માતૃચરણે અર્પણ**

વાર્ષિક રૂા. ૧૦૦/-

કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ ના નામે મોકલશો.**

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)

# પ્રાર્થના અને ધ્યાન

માતાજી પોતાનું વ્યક્તિત્ત્વ ઓગળી જાય અને તે પ્રભુનું પૂર્ણ સમર્પિત સાધન બની રહે એવી સતત પ્રાર્થના કરતા હતા. તેઓ સતત તેવો ભાવ પણ રાખતા હતા. દરેક કાર્યપૂર્ણ થયા પછી તે યશસ્વી થશે કે નહિ તેની ચિંતા નહોતા કરતા. સતત બોલતા 'પ્રભુ, તારી ઈચ્છા,'

પણ માતાજી જ્યારે વ્યક્તિત્ત્વને ઓગાળવાની વાત કરતા હતા ત્યારે તેને તદ્દન નામશેષ કરવાનો ભાવ નહોતો પણ વ્યક્તિત્ત્વ જે પોતાની પસંદગી નાપસંદગી અને રૂચિ અનુસારજ રસ લે છે અને વિરોધી વસ્તુઓ બાબત જુગુપ્સા કે અવઢવ અનુભવે છે તેવા પ્રત્યાઘાતોને ઓગાળી નાખવાની એ પ્રાર્થના હતી.

વ્યક્તિતા એ તો પ્રભુએ પોતાના આવિર્ભાવ માટે સર્જેલું સાધન છે. જો તેનો જ નાશ કરી નાખીએ તો પ્રભુના કાર્યને અવરોધવા જેવું બની જાય. પ્રભુના કાર્યમાં અસહકાર પોકારવા જેવું થાય. અજાણતા આપણે આસુરી તત્ત્વોનાં હાથા બની જતા લાગીએ.

તેથી માતાજી અહિં જણાવે છે કે વ્યક્તિત્ત્વ એ ભૌતિક જગતમાં અને શૂક્ષ્મ જગતોમાં વ્યવહાર કરવાનું એક અનિવાર્ય સાધન છે. તેની વગર વ્યવહાર થવો જ શક્ય નથી. તેથી તેને ટકાવી રાખવું એ આપણી સાધનાનો ભાગ બની રહેવો જોઈએ.

તો પછી એવું શું છે વ્યક્તિત્ત્વમાં જે પ્રભુના કાર્યને અવરોધે છે ? માતાજી જણાવે છે કે વ્યક્તિત્ત્વને ધારણ કરતી વખતે, તેની રચના કરતી વખતે સાહજિક રીતે અલગતાની ભાવના પોષાય છે. કારણ વ્યક્તિત્ત્વ રચવા માટે તે એ તબક્કામાં ઉપયોગી ભાવના હોય છે. પણ અધ્યાત્મ-ક્ષેત્રમાં પ્રવેશતા જ વ્યક્તિત્ત્વનો આ અલગતાનો ભાવ અને તેને કારણે નિર્માણ થયેલા પસંદગી, ના પસંદગીઓ, અવરોધરૂપ બનવા માંડે છે. વ્યક્તિત્ત્વના પ્રાથમિક વિકાસમાં શરીરના સંરક્ષણ માટે આ અલગતાનો ભાવ ખરેખર ઉપયોગી ઠર્યો હતો.

પણ હવે શરીરની ઉત્ક્રાંતિની ગતિ ધીમી પડે છે અને માનસિક અને

ચૈતસિક ઉત્ક્રાંતિનો વેગ વધતો જાય છે, તેમ તેમ તે અલગતાનો ભાવ વધારેને વધારે અવરોધક બનતો જાય છે. કારણ આ તબક્કાઓમાં ચેતનાને વિશાળથી વિશાળતર કરવાની પ્રક્રિયા ચાલતી હોય છે. આ પ્રક્રિયાને જ તે અલગતાનો ભાવ અવરોધક જણાય છે. તેથી હવે તે ઉત્ક્રાંતિના નિરુપયોગી બનેલા જૂના સાધનો અને રચનાઓને ત્યાગવાનો તબક્કો આવે છે.

માતાજી જણાવે છે કે આ અલગતા એ ખરેખર ભ્રમ જ હોય છે. આપણે જેને આપણા પોતાના ખાસ શારીરિક તત્ત્વો, પ્રાણમય તત્ત્વો, મનોમય તત્ત્વો કે ચૈતસિક તત્ત્વો કહેતા હોઈએ છીએ તે ખરેખર તો વૈશ્વિક શારીરિક, પ્રાણમય, મનોમય અને ચૈતસિક તત્ત્વોનાં આપણા સ્વરૂપમાં પ્રવેશેલા અંશો જ હોય છે અને તેમણે કાંઈ પોતાના મૂળ વૈશ્વિક તત્ત્વો સાથે છેડો ફાડેલો હોતો નથી. ઉલટાનું તેઓએ તેમના આ મૂળ સંબંધો અકબંધ જાળવી રાખેલાં હોય છે. તેથી જ વૈશ્વિક ઘટનાઓ આપણને અનુભવાય છે. નહિ તો આપણે અનુભવી જ શકત નહિ. તેથી આ ભ્રાંતિને ગમે તે ભોગે મિટાવવી જરૂરી છે. આપણાં સ્વરૂપમાંનું ભૌતિક તત્ત્વ વૈશ્વિક ભૌતિકતત્ત્વનો જ અંશ છે અને હાલના તબક્કે તે તેની સાથે સંપર્ક ધરાવતું હોય છે. તેના સિવાય બાહ્ય-ભૌતિક ફેરફારો આપણને સ્પર્શી પણ નહિ શકે. તેવું જ પ્રાણમય અને મનોમય તત્વ બાબત છે. આ વાસ્તવિકતા સમજીને આપણે ખરેખર તો વિશ્વના અંશ તરીકે જ પોતાને અનુભવતા શિખવું પડશે. તે જ સાચી વાસ્તવિકતા છે.

આ પોતાના વ્યક્તિત્ત્વને અલગ અને સ્વતંત્ર માનવાથી, તે કરણ જેની માર્ફત ખરેખર તો પ્રભુ પોતાનું કાર્ય જગતમાં કરવા માગે છે અને જગતના તત્ત્વોને રૂપાંતરિત કરીને પ્રભુની ચેતનાને ધારણ કરતા અને પ્રગટ કરતા કરવા માગે છે, તે કામ જ અધવચ્ચેથી બંધ થઈ જાય છે. આ ખરેખર તો પ્રભુએ આપણા સ્વરૂપને સોંપેલા કામમાં અવરોધ નિર્માણ કરવા જેવું છે. આ પ્રભુના સેવક બનવા કરતાં કુસેવક બનવાનો દાખલો બની જશે.

પ્રભુના કાર્યના કરણ બનવાથી આપણા કર્મને અને તેના ફળોને જે દિવ્યતા પ્રાપ્ત થાય છે તે દિવ્યતા પછી પ્રાપ્ત થતી નથી. આપણા કર્મોના ફળ બગાડી મૂકવાનો જ આ પ્રયત્ન બની જાય છે. આવી રીતે પ્રભુને સમર્પિત થઈ કાર્ય કરવાનું મહત્ત્વનું ફળ છે આપણી ચેતનાનો વિકાસ. તે ફળ જ પાકતા ખોરંભાય છે. એટલું જ નહિ પણ આપણે કરેલો વિકાસ પણ ધીમે ધીમે નાશ

પામવાની શરૂઆત થાય છે. કારણ આપણા આ કરણને સ્વતંત્ર માનવું એટલે જ અહંકાર, આ અહંકાર આપણા કર્મોની દિવ્યતાને કોરી ખાય છે. આપણી ચેતનાના વિકાસને વિકૃત કરી નાંખે છે.

પણ આ અહંકારને ઓગાળીને નામશેષ કરી નાખવો કે એટલો દુર્બળ કરી નાખવો કે કામ કરી શકે જ નહિ, આ પર્યાય અંતે આપણને અપાયકારક પુરવાર થાય છે. અહંકારની બધી માગણીઓને નકારવાથી તે નામશેષ થવાથી અથવા દુર્બળ થવાની પ્રક્રિયા શરૂ થાય છે. તેની માગણી પ્રમાણે સુખસુવિધા ન આપવી, તેને ભૂખ્યો મારવો તે માટે તપશ્ચર્યા, અપવાસ, પંચાગ્નિ - સાધન વગેરેના પ્રયોગો જૂના યોગીઓ કરે છે. પણ આને કારણે આપણું આ કરણ જ નબળું પડી જાય છે અને તેનો અર્થ આપણે આ કરણને પ્રભુના હાથમાંથી ઝૂંટવીને તેનો નાશ કરવાનો પ્રયત્ન કરીએ છીએ.આ વસ્તુ ગૌતમબુદ્ધનાં પણ ધ્યાનમાં આવેલી. તેથી જ તેમણે મધ્યમ-માર્ગ સ્વીકાર્યો. તેમને આ મધ્યમ-માર્ગનું જ્ઞાન એક વેશ્યાના સહજ રીતે નિકળેલા વેણમાંથી જડયો હતો. વેશ્યાએ પોતાની સખી બીજી વેશ્યાને કહેલું કે વીણાનો તાર એટલો ઢીલો ન મૂક કે સૂર બેસૂર બની જાય. એટલો ખેંચ પણ નહિ કે તાર તૂટીને વીણા જ નકામી થઈ જાય.

તેથી આપણે પણ આ મધ્યમ-માર્ગથી આગળ જવાનું છે. અહંકારને ટકાવી રાખવો છે પણ તેનું એવું દિવ્યરૂપાંતર કરવાનું છે કે જેથી તે પ્રભુનો સેવક બની જાય.

સોનાની મૂર્તિ ઢાળવા માટે ડાઈમાં સોનાનો રસ ઢાળવામાં આવે છે. સોનાનો રસ ઠરીને ઘનીભૂત થઇ જાય એટલે ડાઈ કાઢી નાખવામાં આવે છે. કુદરતે આ જ પ્રક્રિયા અપનાવી છે. અહંકારની ડાઈ બનાવી તેમાં મન, પ્રાણ, પાર્થિવ તત્ત્વનો રસ રેડીને આ કરણને ઢાળેલું છે. સાધનાથી આ કરણ દિવ્ય થઈ ઘનીભૂત થઈ જાય, પોતાને આપેલો આકાર યથાવત્ રાખે એટલે અહંકારની ડાઈને કાઢવાની છે. વ્યક્તિત્વ રચવા અહંકારની જરૂર હતી જ. વ્યક્તિત્વ રચાયા પછી અહંકારની સત્તા પાછી લઈને તે પ્રભુના હાથમાં સોંપી દેવાની છે. હવે તે કરણ અને અહંકારને પ્રભુ જ સંચાલિત કરે એવું કરવાનું છે.

આમ કરશું તો અહંકારનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્ત્વ જ નહિ રહે. તે એમ જ કહેશે

''મોહે ચાકર રાખો જી.''

# ડાયરી : એક સાધકની

- ભૂપેન્દ્ર ત્રિવેદી

## નવા જગતની પળ

આ એ જ તસ્વીર જેને મેં યુગોથી ઝંખી હતી. આ એ જ તસ્વીર જેને મારું એક જ પલમાં રૂપાંતર કરી નાંખ્યું. આ એ જ તસ્વીર જેણે મને એક નવો 'શબ્દ' આપ્યો. એ શબ્દ મૌનમાંથી આવેલો. અને એ 'શબ્દ'એ જ મને મૌન કરી દીધો. મારા સમગ્ર અસ્તિત્વને મૌન કરી દીધું.

આજથી અગિયાર વરસ પહેલાની વાત કરું છું.

એક સાંજે હું સાયકલ પર બજારમાં જઈ રહેલો.

મારે જ્યાં જવું હતું તેને બદલે મારી સાયકલ અચાનક કોઈ જૂદી જ શેરીએ આપમેળે જવા લાગી. એ વખતે મને ભાન નહોતું કે હું આમ ક્યાં જઈ રહ્યો છું. મને ખબર પણ ન પડી કે મારી સાયકલ એકાએક કોઈ જુદી જ શેરીમાં વળી છે. મારે ત્યાં જવાનું કોઈ પ્રયોજન પણ નહોતું. મારે તો જવું હતું એનાથી ઘણે દૂર. એ શેરીમાં દાખલ થઈ ગયા પછી અચાનક હું ભાનમાં આવ્યો કે 'ઓહ ! આ હું અહિં કેમ આવ્યો હોઈશ ! કોણ મને ખેંચી લાવ્યું ? પણ એ શેરીમાં દાખલ થઈ ગયા પછી મેં એક મકાન જોયું. એ મકાન ને જોતાં જ હું એમાં દાખલ થઉં છું અને એ મકાનની અંદરના એક ધ્યાનના રૂમમાં દાખલ થાઉં છું અને જે તસ્વીર ત્યાં રાખવામાં આવેલી એ તસ્વીર સામે બેઠો એ જ મારા જીવનની એક શાશ્વતપળ બની ચૂકી અને ત્યારથી હું મૌન થઈ ગયો.

એ પળ મારા નવા જગતની પળ બની ચૂકી.

**શ્રી મા, શ્રી અરવિંદના ચરણોમાં**

શ્રી માતાજીને પ્રાર્થના કે પૂ. માતૃશ્રી સ્વ. પૂ. અવંતિકાબેન ઈન્દુપ્રસાદ મહેતા (જન્મ : ૧૭.૧૨.૧૯૧૭ - શ્રી માં શરણે : ૧૦.૯.૨૦૦૮) નો સદાને માટે તેમનાં ચરણોમાં નિવાસ રહો.

**સૌજન્ય :**

**આલોક મહેતા      દક્ષાબેન મહેતા**

**નૂતનભાઈ મહેતા અને પરિવાર - યુ.એસ.એ.**

# સમર્પણ

- જ્યોતિબેન થાનકી

સમર્પણ એટલે પોતાનું સમગ્ર અસ્તિત્ત્વ ભગવાનને સોંપી દેવું. સંપૂર્ણપણે ભગવાનના બની જવું. બધું જ ભગવાનને સોંપી દેવાથી પછી યોગની જવાબદારી સાધકની પોતાની અંગત રહેતી નથી. એ પણ ભગવાનની બની જાય છે. પછી પ્રભુ પોતે જ તેને સંભાળપૂર્વક યોગમાર્ગે આગળ લઈ જાય છે. આમ સમર્પણનો માર્ગ સહેલો અને સલામત માર્ગ છે.

**યોગ સાધનાના બે માર્ગો :** યોગસાધના માટેના બે માર્ગ આપવામાં આવેલા છે. એક છે, તપસ્યાનો માર્ગ, અને બીજો છે, સમર્પણનો માર્ગ.

**તપસ્યાનો માર્ગ :** આ માર્ગ કઠિન છે, તેમાં સાધકે પોતે જ પ્રયત્ન કરવાનો હોવાથી ખૂબ જ સાવધાની રાખવી પડે છે. તેમાં પતન થવાની પૂરી શક્યતા રહે છે. શ્રીરામકૃષ્ણદેવ આને વાંદરાના બચ્ચાનો માર્ગ કહે છે. વાંદરાનું બચ્ચું પોતે માને પકડી રાખે છે, એટલે એણે પોતાની પકડ મજબૂત રાખવી પડે છે. બચ્ચાંની પકડ ઢીલી પણ પડી જાય, અને એથી અધવચ્ચે પડી જવાનો પણ પૂરો ભય રહે છે.

**સમર્પણનો માર્ગ :** આ સમર્પણનો માર્ગ સલામત છે. ખાતરી ભર્યો છે. આમાં વ્યક્તિ સંપૂર્ણપણે ભગવાન ઉપર જ નિર્ભર રહે છે. આથી અંગત રીતે તેની જવાબદારી હોતી નથી. શ્રી રામકૃષ્ણ આ માર્ગને બિલાડીના બચ્ચાંનો માર્ગ કહે છે. આમાં બચ્ચુ માને પકડતું નથી પણ મા બચ્ચાંને પકડે છે, અને તેને હેરવે - ફેરવે છે. આથી અધવચ્ચે પડી જવાની કોઈ ભીતિ બચ્ચાંને રહેતી નથી. તેણે તો ફક્ત માને પોકારવાની જ રહે છે. એ જ રીતે સમર્પણના માર્ગમાં સાધક સંપૂર્ણ પણે ભગવાન ઉપર નિર્ભર રહેતો હોવાથી તેમાં પતનનો ભય રહેતો નથી.

સમર્પણ કેવી રીતે કરવું ?

સંપૂર્ણ સમર્પણ વિષે સમજાવતાં શ્રીમાતાજીએ સાધકોને કહ્યું હતું: ''જીવનની બધી જ વિગતો, સૌથી નાની તેમજ દેખાવમાં સૌથી તુચ્છ લાગે તેવી બધી જ વસ્તુઓનું ભગવાનને સમર્પણ કરવાનું છે. એનો અર્થ એ કે આપણે જે કંઈ વિચારીએ, અનુભવીએ જે કંઈ કાર્ય કરીએ, એ બધું એમના માટે જ કરવું. જેથી આ સઘળું આપણને એમની નજીક લઈ જાય. શ્રી માતાજીએ સંપૂર્ણ સમર્પણમાં શું કરવાનું છે, તેનાં ત્રણ પગલાં બતાવ્યાં છે, જે આ પ્રમાણે છે.

**સંપૂર્ણ સમર્પણના ત્રણ પગલાં :**

(૧) તમારી પાસે જે છે, તે બધું જ આપી દો. આ પ્રથમ પગલું એ સમર્પણની શરૂઆત છે.

(૨) તમે જે કંઈ કરો છો તે બધું જ આપી દો. આ બીજું પગલું એ આગળનો માર્ગ છે. આમાં આપણી સઘળી ક્રિયાઓ ભગવાનને અર્પણ કરી દેવાથી આપણે ભગવાન માટે જીવવાનો આરંભ કરીએ છીએ.

(૩) તમે જે કંઈ છો તે બધું જ આપી દો. આ ત્રીજાં અને અંતિમ પગલામાં આપણી અંદર જે કાંઈ રહેલું છે, સારું-ખરાબ, દિવ્ય-અદિવ્ય બધું જ ભગવાનને આપી દેવાનું છે.

આ ત્રણ પગલાં દ્વારા અહંકારના વિર્સજનની પ્રક્રિયા સધાય છે અને એ સાથે પરમાત્મામાં જીવનની શરૂઆત થાય છે. આ સમગ્ર પ્રક્રિયાને સરળ રીતે સમજાવતાં શ્રીમાતાજીએ કહ્યું હતુંઃ તમારા મન સાથે, તમારા વિચારોનું અર્પણ કરો. તમારાં હૃદય સાથે તમારી લાગણીઓનું અર્પણ કરો. તમારા શરીર સાથે કાર્યનું અર્પણ કરો.

આવું સમર્પણ કરવા માટે ત્રણ સૂત્રોનું પાલન કરવું જોઈએ.

(૧) હે પ્રભુ, તારી ઈચ્છાઓ સિદ્ધ થાય, મારી નહીં.

(૨) જે પ્રમાણે તું ઈચ્છે તે પ્રમાણે હું બનું

(૩) શાશ્વતી માટે હું તારો/તારી જ છું.

આ સૂત્રોનું પાલન કરવાથી ધીમે ધીમે પ્રભુ સાથેનું તાદાત્મ્ય અનુભવાય છે. અહંકાર ઓગળી જતાં સમગ્ર વિશ્વ એ એકમેવનો જ દિવ્ય આવિર્ભાવ બની જાય છે.

સમર્પણની શરૂઆતમાં તો માત્ર સંકલ્પ જ હોય છે કે હું પ્રભુનું કરણ છું. મારું સમગ્ર જીવન પ્રભુના માટે જ છે. ધીમે ધીમે આ ભાવ દૃઢ થતાં તે નક્કર અનુભૂતિમાં પરિણમે છે. શ્રીમાતાજી કહે છે કે ભગવાનની પ્રત્યક્ષ હાજરીમાં રહેતાં શીખો. એ હાજરી જ તમારી અંદર કાર્ય કરી રહી છે એ અનુભવો. આ માટે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં પણ કહ્યું છે. ''તસ્માત્ સર્વેષુ કાલેષુ મામનુસ્મર યુદ્ધ ચ'' તેથી સર્વકાળમાં તું મારું સ્મરણ કર અને યુદ્ધ કર. તારા મન અને બુદ્ધિ મને અર્પણ કરવાથી તું મને જ પામીશ.'' આમ ગીતાથી માંડીને આજ પર્યંત સુધી ભગવાનને પામવાનો જો ટૂંકામાં ટૂંકો માર્ગ હોય તો તે સમર્પણનો માર્ગ છે.

**સમર્પણ કોને કરવું?**

આપણે પ્રભુને માત્ર મનથી કહીએ કે ''હે પ્રભુ હું તમને મારું સમર્પણ કરું છું'' એટલા શબ્દોના ઉચ્ચારણ માત્રથી સમર્પણ થઈ જતું નથી. આપણા સમગ્ર અસ્તિત્ત્વમાં સમર્પણના એ ભાવની સતત અનુભૂતિ કરવી જોઈએ. ત્યારે એ સમર્પણ થવાની શરૂઆત થાય છે. આપણા સમગ્ર અસ્તિત્ત્વના સમર્પણમાં મન, પ્રાણ અને શરીરની સર્વ પ્રવૃત્તિઓનું પણ સમર્પણ આવી જાય છે. એ કઈ રીતે? તે આપણે જોઈએ.

**મનની ભૂમિકાએ સમર્પણ :** આપણું સામાન્ય મન અજ્ઞાની છે, તેમાં અનેક વસ્તુઓ ભરેલી હોય છે. અશુદ્ધ વિચારો-માન્યતાઓ પૂર્વગ્રહો, ખોટા ખ્યાલો, ગમા-અણગમા, શંકા-કુશંકા, આ બધું નિમ્ન પ્રકૃતિનું કાર્ય આપણી અંદર રહેલું છે. સમર્પણમાં ભગવાનને માત્ર સારું - સારું જ આપવાનું નથી, પણ બધું હીન, શુદ્ધ, કુરુપ ધૃણાસ્પદ જે કંઈ આપણી અંદર રહેલું છે એ બધાનું પણ સમર્પણ કરવાનું છે જેથી આપણું મન વિશુદ્ધ બની પ્રભુના પ્રકાશને પ્રતિબિંબિત કરી શકે.

**પ્રાણની ભૂમિકાએ સમર્પણ :** આપણી પ્રાણશક્તિ પણ નિમ્ન પ્રકૃતિને આધીન હોઈને તેમાં સારી-નરસી ઈચ્છાઓ, આવેગો, શુભ-અશુભ ભાવનાઓ વગેરે જે કંઈ નિમ્ન વસ્તુઓ પ્રાણમાં ચોંટેલી છે, એ બધાનું સમર્પણ કરી દેવાથી પછી પ્રાણમાં પ્રભુનો પ્રકાશ ઊતરશે અને તેનું રૂપાંતર થશે.

**શારીરિક ભૂમિકાએ સમર્પણ :** પંચમહાભૂતનું બનેલું આપણું શરીર પણ અજ્ઞાનમય પ્રકૃતિને આધીન છે. શરીરમાં જડતા, અક્કડતા, તમસ, આળસ, દુર્બળતા, શિથિલતા, રોગ, જરા, મૃત્યુ આ બધું નિમ્ન પ્રકૃતિનું છે. આ તમામ બાબતોનું ભગવાનને સમર્પણ કરવાનું છે. એ સમર્પણ પૂર્ણ થયા પછી જ શરીરમાં પ્રભુનો દિવ્ય પ્રકાશ ઉતરીને શરીરનું દિવ્યરૂપાંતર કરી શકે.

આપણા અસ્તિત્ત્વના સંપૂર્ણ સમર્પણમાં બધું જ આવી જાય છે. જેમ જેમ સાધકનું સમર્પણ વધતું જાય છે, તેમ તેમ તેને એવી નક્કર અનુભૂતિ થવા લાગે છે કે ભગવાન સતત તેની સાથે છે. તેને કાર્યમાં પ્રેરી રહ્યા છે. દોરી રહ્યા છે, ક્યાંક તેને અટકાવી પણ રહ્યાં છે. પ્રત્યેક પળે તેની સંભાળ લઈ રહ્યા છે. આ કોઈ વિચાર લાગણી કે છાપ રૂપે નહીં, પણ નક્કર અનુભૂતિ રૂપે હોય છે. એ પણ અલપ-ઝલપ થતી અનુભૂતિ નહીં પણ સ્થાયી રૂપે સતત થતી અનુભૂતિ હોય છે. સમર્પણ પછી ચેતનાની સ્થિતિ એવી બની જાય છે. એટલે પછી તેમાં પ્રભુની સતત હાજરી જ અનુભવાતી હોય છે.

પરંતુ આ સ્થિતિ એકાએક પ્રાપ્ત થઈ જતી નથી. તેના માટે જાગૃત પણે સતત પ્રયત્ન કરવો પડે છે. સંપૂર્ણ સમર્પણ માટે પણ આપણી આંતરિક તૈયારી હોવી જરૂરી છે. એ માટે આટલી બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

**સમર્પણ માટેની આવશ્યક બાબતો :**

**(૧) સમર્પણ સંપૂર્ણ હોવું જોઈએ :** આપણી પ્રકૃતિના ઘણા નિમ્નભાગો સમર્પિત થયા વગરના રહી જતા હોવાથી, સમર્પણ સંપૂર્ણ બનતું નથી. એ ભાગોને શોધી કાઢીને સમર્પણ કરી દેવા જોઈએ. ભગવાનને સમર્પિત થયેલા મંદિરમાં પછી અંધકાર અને પ્રકાશ, સત્ય અને જૂઠાણું, સમર્પણ અને સ્વાર્થ એકસાથે રહી શકતાં નથી. આથી પહેલાં તો આપણે આપણા હૃદય મંદિરને સંપૂર્ણ શુદ્ધ અને પવિત્ર કરવું જોઈએ. નહીંતર શુદ્ધ વસ્તુઓ સાથે અશુદ્ધ વસ્તુઓ ભળી જતાં અશાંતિ સર્જાય છે. ઘણી વખત એવું બનતું હોય છે, કે જ્યારે પોતાની ઈચ્છાઓ નિર્મૂળ ન થઈ હોય ત્યારે વ્યક્તિ મોઢેથી કહેતી હોય છે કે મેં સમર્પણ કર્યું છે, પણ અંતરમાં એવું ઈચ્છતી હોય છે કે એની ઈચ્છા પ્રમાણે જ ભગવાન કરે. આ વિશે શ્રી માતાજી કહે છે કે ''પ્રભુ એવું કોઈ શક્તિશાળી યંત્ર નથી કે જેને માનવી પોતાની સંકલ્પશક્તિના પુશ બટનથી ચલાવી શકે. અને તેમ છતાં ઘણાંખરાં મનુષ્યો પ્રભુને સમર્પણ કરે છે અને પ્રભુ પાસે આવી અપેક્ષા રાખે છે !

**(૨) સમર્પણ સાચા દિલનું હોવું જોઈએ :** સમર્પણમાં બાહ્ય દેખાવ કે છેતરપીંડી ચાલતા નથી. ભગવાનને બાહ્ય દેખાવથી પ્રભાવિત કરી શકતા નથી, તેમ જ છેતરી પણ શકતા નથી. બાળક જેવી સરળતા, નિખાલસતા અને વિશ્વાસ હોય તો પછી સમર્પણ દ્વારા અંતરનો માર્ગ ખુલ્લો થાય છે. શ્રી માતાજી કહે છે ''દિલની સચ્ચાઈ પૂર્વક તમારું સમર્પણ પરિપૂર્ણ કરો, ત્યારપછી જ તમારા માટે બાકીનું બધું કરી આપવામાં આવશે.''

**(૩) સમર્પણ ચેતનવંતા મનુષ્યનું હોવું જોઈએ :** જડયંત્ર તેની રચના પ્રમાણે એકધારૂં કાર્ય કર્યે જતું હોય છે. તે વિચાર કરતું નથી, વિરોધ કરતું નથી. ગમો-અણગમો પ્રગટ કરતું નથી એ રીતે જોતાં માલિક તેને ચલાવે છે, તે પ્રમાણે તે કામ કરતું રહે છે. આ યંત્રનું સમર્પણ છે, પણ એમાં વિકાસ નથી. આનંદ નથી. કોઈ વ્યક્તિગત પ્રયત્ન પણ નથી. 'મા' પુસ્તકમાં શ્રીઅરવિંદ લખે છે, ''ઘણીવાર જડ અક્રિયતા અને સમર્પણ બંનેને એક માની લઈને ગૂંચવાડો કરવામાં આવે છે. પણ જડ નિષ્ક્રયતામાંથી કોઈ સારી સમર્થ વસ્તુ પ્રગટ થઈ શકે નહીં.... સાધકની પાસે જે પ્રકારના સમર્પણની માગણી કરવામાં આવે છે તે દિવ્યશક્તિના કાર્યને

એક પ્રકારનું આનંદમય સમર્થ અને સહાયકારી સમર્પણ છે'' સાચા સમર્પણમાં સાધકમાં ત્રણ વસ્તુઓ હોવી જરૂરી છે. એક તો છે, જ્ઞાનને ઝંખતા સાધકની અભીપ્સા, બીજું સત્ય માટે ઝઝુમી રહેલા યોદ્ધાની વીરતા અને ત્રીજું પ્રભુના વફાદાર સેવકની આજ્ઞાપાલકતા. આ ત્રણેય વસ્તુઓ ચેતનવંતા મનુષ્યોમાં જ હોઈ શકે. યાંત્રિક પૂતળાઓમાં નહીં.

**(૪) સમર્પણમાં અંગત પ્રયત્ન જરૂરી છે :** ઘણીવાર એવું માની લેવામાં આવે છે કે મેં પ્રભુને સમર્પણ કરી દીધું છે. હવે મારે કંઈ જ કરવાની જરૂર નથી. હવે જે કંઈ કરવું હશે, તે પ્રભુ જ કરશે. તો આ સાચું સમર્પણ નથી. આ જડતા છે. નિષ્ક્રિયતા છે. સમર્પણ કર્યા પછી પ્રેરણા પ્રમાણે કાર્ય તો કરતા જ રહેવાનું છે. શ્રીમાતાજી કહે છે કે, ''અરે, આ કામ તો મારા માટે કરી લેવામાં આવશે. મારે હવે કંઈ જ કરવાનું રહેતું નથી, એમ માનીને આળસુ પણે ઊંઘી જશો ? કોઈ કામ આપમેળે થતું નથી.'' સમર્પણમાં આળસ નથી, નિષ્ક્રિયતા નથી, જડતા પણ નથી પણ પ્રભુ માટે આનંદ અને ઉલ્લાસથી કાર્ય કરવાની સ્થિતિ છે.

ઘણીવાર એવો પ્રશ્ન એટલા માટે થાય છે કે આપણે સમર્પણ અંગે માનસિક ખ્યાલ ધરાવીએ છીએ. પણ વાસ્તવમાં આપણે સમર્પણથી અસ્તિત્ત્વ કે વ્યક્તિત્વ ગુમાવતાં નથી. માત્ર અહંકાર ગુમાવીએ છીએ અને પછી સાચાં વ્યક્તિત્વને પ્રાપ્ત કરીએ છીએ. ટીપું મહાસાગરમાં ભળે છે તો તે મહાસાગર બની જાય છે. એમ આપણે પણ સમર્પણ દ્વારા પ્રભુની દિવ્યચેતનાનો એક અંશ બની જઈએ છીએ.

**પૂર્ણયોગમાં સમર્પણની આવશ્યકતા :** પૂર્ણયોગ દિવ્યરૂપાંતરનો યોગ હોઈને તેનો પ્રારંભ જ સમર્પણથી થાય છે. સમર્પણથી અહંકારનો વિલય થતાં ચૈત્યપુરૂષનો સાક્ષાત્કાર થાય છે. ચૈત્યપુરૂષના પોકારે પરમાત્માની અતિમનસ શક્તિ આપણી નિમ્ન પ્રકૃતિના સઘળા કરણોમાં ઊતરે છે, અને તેનું દિવ્ય રૂપાંતર કરે છે. આમ રૂપાંતરની શરૂઆત સમર્પણથી થાય છે અને એનો અંત પણ સમર્પણમાં આવે છે. જ્યારે પ્રકૃતિના સઘળાં નિમ્નકરણોનું રૂપાંતર થઈ જાય છે, ત્યારે સમગ્ર અસ્તિત્ત્વ જ પરમાત્મામય બની જાય છે.

આ ઉપરાંત સમર્પણ દ્વારા સાધક વિરાટ ચેતનાનો ભાગ બની જતો હોવાથી મનથી પેલે પારના પ્રદેશો તેના માટે ખુલ્લા થાય છે. આ ભૂમિકાની શક્તિઓ તેને સહજ રીતે પ્રાપ્ત થાય છે. શ્રી માતાજી કહે છે; સમર્પણ તમને વિશાળ બનાવે છે, તમારી શક્તિઓમાં વૃદ્ધિ કરે છે. વળી સમર્પણથી કાર્યશક્તિમાં અનેકગણો

વધારો થાય છે. પ્રભુને માટે કામ થતું હોઈને ચિત્તમાં સતત પ્રભુનું જ સ્મરણ રહેતું હોવાથી કાર્યોમાં આનંદ આવે છે અને પ્રભુની હાજરીનો અનુભવ થાય છે.

સમર્પણ અનેક અનિષ્ટ વસ્તુઓથી પણ સાધકને બચાવે છે. શ્રી માતાજી સમર્પણને અદ્‌ભૂત ગળણું કહે છે. સમર્પણથી વ્યક્તિ પ્રભુની ચેતના સાથે જોડાઈ જતી હોવાને પરિણામે પ્રભુની દિવ્યચેતનામાં અનિષ્ટ વસ્તુઓ પ્રવેશી શકતી નથી. અંદરમાં જો દુષ્ટ વસ્તુઓ છૂપાયેલી હોય તો એ દિવ્ય પ્રકાશમાં ઓગળી જાય છે. આમ સમર્પણથી વ્યક્તિ શુદ્ધને પવિત્ર બની જાય છે. સમર્પણ પ્રભુ પ્રત્યેના લાંબા અને મુશ્કેલ માર્ગને ટૂંકો અને સરળ બનાવી દે છે.

---

## જીવંત ગુરૂ

- ભૂપેન્દ્ર ત્રિવેદી

રાતના ૧૨.૧૫

માતાજીની તસ્વીર સામે ઊભો પ્રાર્થના અને સમર્પણના ભાવ સાથે. ચહેરાને અનિમેષ નિરખતા જ જે ભાવસહ વાતો કરી તે જ રીતે માના ચહેરાના ભાવો અદ્‌ભૂત રીતે બદલાતા નિહાળ્યાં - આજે તસ્વીરમાંથી એમનું હાસ્ય અદ્‌ભૂત અને સાવ અનોખું જોવા મળ્યું - આંખોમાંના ભાવ મને કશું કહેતા સતત લાગ્યાં..... આખો ચહેરો સજીવ બની ઊઠ્યો.

- તમે સદગુરૂની છબીને છબી તરીકે ન જૂઓ - એ સજીવ ચૈતન્ય રૂપે બીરાજેલાં છે એ રીતે એમનામાં એવી રીતે લય પામતા જાવ કે જાણે તમે તે જ છો - ને તે તમે જ છો - આવો અદ્વૈત ભાવ પ્રગટે ત્યારે તો ખરેખર સદગુરૂ તમારી સન્મુખ જ બેઠેલાં હોય છે. મને આ ઓરડામાંની બધી જ તસ્વીરો જીવંત લાગી છે. તે તસ્વીરો માત્ર તસ્વીરો ન હોઈ દિવ્ય શક્તિઓનો અખૂટ ભંડાર છે. એમાંથી તમે લઈ શકો તો અખૂટ શક્તિઓ પ્રાપ્ત કરી શકો. એ વિદ્યુતશક્તિને ઉત્પન્ન કરતા જનરેટરો કરતાં અબજોગણી શક્તિ ધરાવતા જનરેટર છે. અને એ શક્તિદ્વારા તમે મૃત્યું પર પણ વિજય પ્રાપ્ત કરી શકો છો. વિશ્વના આ વિરાટ તેજ રાશીઓના પ્રકાશમાર્ગે તમે પણ ચાલી શકો છો. જન્મ અને મૃત્યુથી પણ પરના એવા અદીપી પ્રદેશને તમે પળવારમાં ઘૂમી વળીને પાછા આવી શકો છો. પછી તમારે માટે કશું જ અશક્ય રહેતું નથી. આ જીવંત ગુરૂની તમે એકવાર પૂરેપૂરા સન્મુખ બની જાવ. એમને તમારા બનાવી દો. તમે એમના વાહક બની જાવ.

# સહજ-સત્સંગ

(માતાજીના ૨૩-૪-૫૧ના વાર્તાલાપના આધારે)

બાળકોનો વર્ગ ચાલી રહ્યો છે. માતાજી શ્રી અરવિંદના 'ધી ડિવાઈન સુપરમેન' માંથી વાંચી રહ્યા છે. તેમાં જણાવેલું કે તમારે તમારા પોતાના શિખર ઉપર આરોહણ કરવું જોઈએ.

''પણ માતાજી, શું આનો અર્થ એ છે કે દરેકને પોતાનું અલગ શિખર હોય છે? અલગ અંતિમ-ધ્યેય હોય છે?

''ના બેટા, આપણા બધાનું શિખર તો એકજ છે અને તે છે પરમપ્રભુ. પણ તે શિખર ઉપર જવાનો દરેકનો માર્ગ જુદો જુદો હોય છે. દરેકની પ્રકૃતિ જુદી જુદી હોય છે. તેમાંની નબળાઈઓ અને ક્ષમતાઓ જુદી જુદી હોય છે. તેને કારણે આ માર્ગોની વિવિધતા રચાય છે અને તેને કારણે જ આપણા બધામાં રહેલી એક જ ચેતનાની અભિવ્યક્તિ પણ બદલાય છે. આ અભિવ્યક્તિની વિશેષતાને અને અલગતાને કારણે જ દરેકને એમ લાગે છે કે તેની પ્રકૃતિનું શિખર જુદું છે. ખરેખર તેમ નથી. દરેક વ્યક્તિનું અંતિમ શિખર એ પરમપ્રભુનું એક પાસુ માત્ર હોય છે.

માતાજી શ્રી અરવિંદના 'ધી વે' માંથી વાંચે છે. તેમાં જણાવેલ છે કે સાધનાનો માર્ગ સહેલો નથી. અનેક પતન-સ્થાનો છે અનેક છૂપાદુશ્મનો છે જ્યારે આપણે અજ્ઞાની છીએ. ઘણી નબળાઈઓ આપણામાં છે. આ બધાનો તેઓ ચતુરાઈથી ફાયદો લઈ આપણને ફાંસે છે તેથી આપણે સચેતનતા અને સજાગતામાંથી અભાનતામાં વારંવાર સરી પડીએ છીએ.

* તો માતાજી આપણે સચેતન કેવી રીતે રહેવું?

''બેટા તે માટે સભાન અને સતર્ક રહેવાનો સતત અભ્યાસ કરવો પડે છે. દરેક ક્ષણે તે સાધનાનો ભાગ બની રહેવો જરૂરી છે.''

''પણ, માતાજી, જાગૃત અવસ્થામાં સમજો પ્રયત્ન કરી શકાય. ઊંઘમાં કેવી રીતે સજાગ રહેવાય?''

''બેટા, ઉંઘ દરમિયાન પણ આપણે સજાગ રહી શકીએ છીએ.''

''પણ માતાજી, તો તો ઊંઘ જ નહિં આવે. તો પછી આરામ કેમ મળશે?''

''ના બેટા, તે સજાગતામાં વધારે સારી, આરામદાયક, શ્રમપરિહારક નિદ્રા

આવે છે.

‘‘માતાજી, એવી નિદ્રા માટે કેવી રીતે ઊંઘવું જોઈએ ?’’

‘‘જો બેટા, તમે ખૂબજ થાકી ગયા હો તો તરત ઉંઘી ના જતા. તેથી તો તમે અચેતનતામાં સરી પડો છો, તમારે હાતપગ મોઢું ધોઈને શાંતિથી પથારીમાં ઢીલાઢફ થઈને ચત્તા પડી રહેવું જોઈએ. શરીરના બધા અવયવો અને નસોને ધીમે ધીમે હળવા કરતાં જવું. જ્યારે એમ લાગે કે તમે એક કોથળાની જેમ કોઈપણ અક્કડતા વગરના થઈ ગયા છો, તમારામાં હાડકા કે ખેંચાયેલાં સ્નાયુ કે નસો કાંઈ જ નથી. ત્યારે સારી ઊંઘ માટે આ ઉત્તમ શારીરિક સ્થિતિ હોય છે.’’

હવે મનને પણ તેવી જ રીતે હળવું કરવાની પ્રક્રિયા શરૂ કરો. કોઈ સમસ્યા કે ગૂંચ ઉકેલવાનો પ્રયત્ન ન કરો. તે મનને અક્કડ બનાવી દેશે. દિવસ દરમિયાનના કોઈ વિચાર, પ્રસંગ કે ઘટનાને વાગોળશો પણ નહિ. દરેક વિચાર, ભાવને સહજ ગતિથી સરી જવા દો. પકડી રાખો નહિ. આવી રીતે મન પણ તાણ વગરનું બની જશે. આવી માનસિક સ્થિતિ ઉત્તમ ઊંઘ માટે જરૂરી છે.

આવા તદ્દન શારીરિક, માનસિક હળવી અવસ્થામાં તમને તમારા શરીરમાં ઓતપ્રોત એક આંતર ઉજાસ અનુભવાશે. તે આંતર-ઉજાસ તમને તમારા ચૈત્યપુરૂષ સાથે સંપર્કમાં મુકી આપશે. ચૈત્યપુરૂષમાં કોઈ વ્યગ્રતા, અક્કડતા તાણ, હોતા નથી. તે સદા સંતુષ્ઠ અને તૃપ્ત હોય છે. પ્રશાંતિમાં જ રહેતો હોય છે.

આવી અવસ્થામાં તમે જો ઊંઘમાં સરી પડશો તો તે ઊંઘ દરમિયાન તમે ચૈત્યપુરૂષની સભાનતા કેળવીને પણ ઊંઘી શકશો. તેમાં તમને શક્તિઓથી ફરી સભર કરી દેવામાં આવે છે. તેથી શ્રી અરવિંદ લખે છે કે પ્રકાશમય દેવો તારી મદદે રાજીખુશીથી આવે છે. તને મદદ પણ કરે છે. પણ તેઓ થોડોક જ સમય આવે છે. તરત પાછા ચાલ્યા જાય છે.

‘‘માતાજી, આ સ્થિતિમાં મગજ ઊંઘી જાય છે કે નહિં ?’’

‘‘બેટા, આપણું મગજ કોઈ વખત પૂરેપૂરૂ ઉંઘતું નથી. નહિં તો હૃદયના ધબકારા અને ફેફસાનો શ્વાસોશ્છ્વાસ જ બંધ પડી જાય. પણ મગજ પોતે આરામ કરવા પોતાનાં વિવિધ વિભાગોને વારાફરતી આરામ આપે છે, કહે છે કે ઘોડો ઊભો ઊભો ઊંઘે છે ત્યારે વારાફરતી એક એક પગને આરામ આપે છે, તેવું જ મગજ કરે છે.

‘‘માતાજી મગજ આ રીતે આંશિક રીતે પણ સતત જાગતું હોય તો આપણને બધું યાદ કેમ રહેતું નથી ?’’

''કારણ બેટા, મગજ પોતાને ઉપયોગી વસ્તુને જ સાચવે છે. બધું જ સાચવી રાખતું નથી. બધું જ સચવાઈ રહે તો આપણે પાગલ થઈ જઈએ.''

''માતાજી, પેલા પ્રકાશમય દેવો તરત પાછા શા માટે ચાલ્યા જાય છે?''

''કારણ તેઓ તો અમૃતકુંભ (નૂતનજગત) આપવા આવેલા હોય છે. પણ આપણી પાત્રતા ન હોવાથી પાછા ચાલ્યા જાય છે. આ ભેટ અમૂલ્ય છે. તે માટે કસોટીઓમાંથી પસાર થવું પડે છે. તે આપણી ચેતનાને પરિશુદ્ધ કરતી જાય છે. પ્રભુ પોતાના મિત્રોની સાથે જ સખતાઈથી વર્તે છે. મુશ્કેલી તમારા ભાવિ પ્રગતિનું દ્વાર બની જાય છે. તેથી મુશ્કેલીમાં છૂપાયેલી પ્રભુકૃપાને ઓળખતા શિખવું જરૂરી છે. સતત ઉત્સાહ અને ઉમંગ કેળવવો જોઈએ. કદાચ આ પ્રગતિમાં અધવચ્ચે મૃત્યુ આવે તો પણ તેને પ્રેમથી વધાવી લેતા શિખવું પડશે. હું છેલ્લા શ્વાસ સુધી પ્રભુ પ્રાપ્તિ માટે પ્રયત્ન કરતો રહીશ આ જ સાચો સંકલ્પ હોવો જોઈએ.

અખંડ વિકાસ માટે જ જીવન છે બેટા.''

## વસમી વાટ જોવાતી રહી

- ભૂપેન્દ્ર ત્રિવેદી

હું કોઈ સિદ્ધની તસ્વીરને જોઈ શકતો નથી. અને જોઉં છું તો જાણે એ સજીવ થઈને મને પોકારતી હોય એવું લાગ્યા કરે છે. મને પાછળ રહી ગયાની ક્યારેક શરમ લાગે છે. આ બધું શું છે? હું વિચારું છું ને ખોવાઈ જાઉં છું... વિચારું છું ને ખોવાઈ જાઉં છું. એક ઘેરી ઉદાસીનતા મન પર છવાઈ જાય છે. આ ઉદાસીનતાને હું જ સમજી શકું તેમ છું. વીછીના ડંખ જેવી વેદના - એ બધું જ્યારે બહાર પ્રસરે છે ત્યારે એને જોનાર જુદી રીતે જુએ છે. મારું ભીતર એને જુદી રીતે જૂએ છે, હું રડું છું. આ અદ્ભૂત ખેંચાણને વિવશપણે અનુભવીને જોઈને. ચાલો, કેટલાક કર્મ મને રોકતા હશે - એ પણ હસીને પૂરા કરી લઈએ - પછી કોઈ રોકનાર નહિ હોય, રોકનાર નહિ હોય, બાંધનાર નહિ હોય.....

''હું તને ઠેઠ સુધી લઈ જઈશ - મારી સાથે'' એ આગમવાણી મને સાંત્વન આપે છે.

તારે કંઈ જ કરવાનું નથી... કંઈ જ કરવાનું નથી... Wait, Wait and Wait...

મા મને આમ કહે છે.

# ભગવતી - આરાધના

(માં - પેજ ૭૪-૮૫)

અધ્યાય - ૩

## મા ભગવતીની કૃપા

મહાભગવતીના અન્યરૂપ, હાજર દિવ્યજગતે,
પણ હજી એ સક્રિય ના, ઉત્ક્રાંતિમાં ન પ્રવેશે.
હજી સુધી અપ્રગટ રહ્યાં, પણ અતિમનસે રહ્યાં પ્રગટ,
પ્રેમસ્વરૂપા મા ભગવતી, જે દિવ્યાનંદનું શિખર.
સાંધશે તે જડતત્વને, વિજ્ઞાનમય ચેતન સાથ,
દિવ્ય-જીવન પ્રગટાવશે, આ ધરતીની નવી ભાત.
હાલમાં તે પાર્શ્વભૂમિમાં, રહી કામ કરે,
ચારે રૂપોને મદદરૂપ, અને પ્રભુ સંકલ્પને વરે.
હાલમાં ન અધિકારી રહ્યો, માનવ છે અસમર્થ,
ચતુર્રૂપ જગમાત તણાં, ઘડી રહ્યાં અતિ હર્ષ.
મન, પ્રાણ ને શરીર સાથ, બને સુસંવાદી રૂપ,
દિવ્ય-શક્તિ મુક્ત બની રહે, અંતર્બાહ્ય અનુરૂપ.
ત્યારે અતિમનસની ચેતના, સક્રિય બનશે પ્રગટ,
એકતાને સ્થાપશે, પણ માર્ગ આ રહ્યો વિકટ.
તેજોમય ચેતના તણો, પ્રવાહ ઉતરે સાક્ષાત્,
ત્યારે જ આ શક્ય બને, માનવ પ્રગતિની આ વાટ.
ઋત-શક્તિ બીજ-સત્યો ગણ્યાં. ઊગશે ધરા તળે,
સર્વ સત્યોનો સુસંવાદ રચી, શાશ્વતને એ વરે.
તેથી જો સમજો બધું, બનો ગંભીર તત્ક્ષણ,
સાધન-માર્ગે તત્કાળ વળો, ધરો માતૃ-ચરણ.

ખુલ્લા બનો માત પ્રભાવપ્રતિ, ઝીલો શુદ્ધ અસર,
રૂપાંતરની વાટ ધરો, તેમાં ન રાખો કસર.
મન, પ્રાણ, શરીર ને, કોષો સુધી પ્રભાવ,
તેને ફેલાવા દો સદા, ન રાખો કોઈ વિભાવ.
સભાન બનો સર્વ કક્ષા મહિં, જગમાત કાર્યની જાણ,
કેળવો જે હાલમાં, ચાલતુ રહે અજાણ.
જીવંત, જાગ્રત સબંધ બને, જગમાત-ચેતના સાથ,
જાણ સ્વ-પ્રકૃતિ ને કરે, મુલાયમ થવાનું રાજ.
ન મન શંકા ધરે, ન વાદ, વિરોધ કે સુસ્ત,
ન પ્રાણ વિકારોને વળગી રહે, ન માંગે કાંઈ કે અલિપ્ત.
શારીરિક ન નબળું રહે, ન જડ ન તમોગ્રસ્ત,
ન આસક્ત ક્ષુદ્ર રસોમહિં, ન શુષ્ક, જીવનમાં રત.
ન બુમરાણ કરે, ન ગેરસમજનો પ્રભાવ,
ઊર્ધ્વજ્ઞાનની ગંગા ધરે, જાણે શિવતત્વ મહાન.
આત્મજ્યોતિને ગ્રહણ કરે, શક્તિ ભંડારની સાથ,
સુંદરતા, પૂર્ણતાને વરે, અતિમનસ પ્રભાવની ભાત.
પ્રભુ સાથે મિલન રચે, એ રૂપાંતરની વાત,
શક્તિ પ્રવાહો સર્વતઃ શીરે, એ નક્કર અનુભવ થઈ જાત.
પણ અહિં સાવધ બનો, ન પૂર્ણ થયો આ યોગ,
રખે માનતા ન બનો કે જગમાતનું જ્ઞાન સુલભ.
મન અવળચંડુ અતિ, જાણે જાણ્યું વિજ્ઞાન,
અર્ધજ્ઞાનમાં રાચતું, ન મર્યાદાનું એને સ્વભાન.
જગમાતની અકળગતિ, કદાપિ ન જાણે મન,
ક્ષણે ક્ષણે રૂપો બદલતી, ચારે રૂપોમાં મગન.
વ્યક્તિ દીઠ સમસ્યા અલગ, ઉકેલ પણ હોય અલગ,
પ્રસંગો પણ જુદા રહ્યાં, તેથી આ રૂપ-ફેર જલદ.
આ ગતિ ન સમજાય કદિ, માનવ-મન અશક્ત,

તેથી મનથી સમજો નહિં પણ ખુલ્લા બનો સશક્ત.
આંતર-જ્યોતિ ને ઓળખો, રહો એકરૂપ સદા,
ચૈત્યપુરૂષને ઢંઢોળીને, જાગૃત બનો સર્વદા.
ચૈત્યપુરૂષની દૃષ્ટિ રહી, નિર્મળ ને વળી સત્ય,
તેની દ્વારા ભગવતી, ધરશે જે કામ અગત્ય.
પ્રકૃતિને દિવ્ય કરી, આપે નૂતન ઘાટ,
તેને નવી ગતિ આપશે, વળી નવો પ્રકાશ.
દિવ્ય-શક્તિ કાર્યો કરે, તેનો ન બાંધો ખ્યાલ,
એ કઢંગા વિચારો તણી, ભેદો અટપટી જાળ.
ન ચમત્કારની માગણી, ન સહેલી કોઈ જીત,
આ પ્રલોભનોને જતાં કરી, માંગો જગમાતાની પ્રીત.
જગમાત પોતાને ઢાંકતી, મન દ્વારા ચિંતન ધરે,
પ્રાણ દ્વારા સંઘર્ષે રમી, પાર્થિવે દુઃખો પણ ખમે.
ધીમેથી પ્રકૃતિ તણી, ગાંઠો ઉકેલતી જાય,
ન એક ઝાટકે કાપતી, ન કરતી તેને અપાય.
ક્રમ વિકાસે વિકસાવતી, જીતે અચિતનાં રાજ,
માનુષ-તત્વને સંકોરતી, કરે મુક્ત ધીમે ચાલ.
અંતે વિજ્ઞાનને સ્થાપતી, આપે નિત-દર્શન,
આત્મ તેજે નવરાવતી, કરે આત્મ-મગન.
આ નિમ્ન માનવ તણી, નિશ્ચિત બનશે એ વાત,
માનવ ન અંતિમ શિખર, આગળ ગતિ સાક્ષાત્.
નીચેથી ગ્રહણશીલતા વધે, અભીપ્સાનું અતિ-જોર,
ઉપરથી પ્રભુ-અનુજ્ઞા થયે, બન્ને વસ્તુનો જોડ.
મા આ સંયોગો રચે, જોડે પ્રભુ-માનવને સાથ,
તદા દિવ્ય-જીવન અંકુર ધરે, અમર-આનંદનો એ ઘાટ.

# આગામી-ભાવિ

(અરવિંદ સોસાયટીનાં ઈ-મેગેઝીન નવે-૦૮ના Next Futureના આધારે)

## પ્રભુનું ઋણ

આપણે જીવન દરમિયાન અનેક વખતે ખરે ટાણે મદદ કરવા માટે અન્યનો આભાર માનીએ છીએ. બીજાએ તમારી ઉપર વિશ્વાસ મૂક્યો હોય; સાંત્વના આપી હોય, ઘટનાચક્રે લીધેલા વળાંકને લીધે પાઠ મળેલો હોય ત્યારે આભાર માનીએ છીએ. પણ શું આપણે કરૂણાભાવ દર્શાવવા માટે, આપણને પગભર કરાવવા માટે, આર્થિક કટોકટીમાંથી ઉગારવા માટે, પ્રેમની હૂંફ આપવા માટે કે આપણને શાંતિ આપવા પોતે ઘસાતા લોકો માટે આવી કૃતજ્ઞતા દર્શાવીએ છીએ ?

કૃતજ્ઞતા અને ઋણી હોવાનો ભાવ એક જ નથી. આપણને કલ્પના કરતા સહેલાઈથી કપરી કસોટીમાંથી પસાર થઈ ગયા માટે કૃતજ્ઞ હોઈએ છીએ. પણ ઋણી હોવાના ભાવમાં ખાત્રી હોય છે કે તેની મદદ વગર પોતાનો સર્વનાશ નિશ્ચિત હતો. તેમાં બચવાની શક્યતા જ હોતી નથી.

તેથી ઋણીભાવની મહત્તા ઓછી ન આંકવી જોઈએ. તેમાં ખૂબજ મોટી જવાબદારી આવી પડે છે. સમર્પણભાવની તેમાં અપેક્ષા હોય છે.

(પ્રભુએ હરક્ષણે આપણને બચાવી, સંરક્ષણ આપી ઋણી કરેલાં છે તેથી પ્રભુ પ્રત્યેની જવાબદારી અને સમર્પણભાવને કેળવવો ખૂબજ અગત્યનો છે. પ્રભુ આપણો યોગક્ષેમ વહે છે એની પદેપદે આપણને ખાતરી થવી જરૂરી છે. તેના વગર જિંદગી શક્ય નથી એ સમજવું જરૂરી છે. તે જ આપણામાં સમર્પણભાવને પ્રજવલિત કરશે. આપણા જીવનમાંના પ્રભુ-કાર્યની મહત્તા સમજાવશે - તંત્રી)

---

**I am not only pious**
**But Divine.**
- Bhupendra Trivedi

# સનાતન-ઋણ

(પ્રાસંગિક)

(જ્યોતિબેન થાનકી લિખિત મહાયોગી શ્રી અરવિંદ પેજ ૪૧૯ - ૪૩૩ના આધારે)

શ્રી અરવિંદ જીવન-કાર્યની પૂર્ણાહૂતિ તરફ આગળ વધી રહ્યાં હતાં. સાવિત્રીનું પરીક્ષણ પુરૂ કર્યું અને તેમણે હવે શરીર-ટકાવવાના સંકલ્પને ઉઠાવી લીધો.

ત્રીજી ડીસેમ્બર. શરીરમાં તાવ ૧૦૧ ડીગ્રી હતો. શ્રી અરવિંદે પાણી કે ફળનો રસ કાંઈ ન લીધું. રાત્રે બાર વાગે માતાજીએ પરાણે એક ચમચી ફળનો રસ પાયો. શ્વાસોચ્છ્વાસ માં તકલીફ જણાતી હતી.

ખંડ બહાર માતાજી ડૉ.સન્યાલને બોલ્યા, 'તેમને જીવનમાં હવે રસ રહ્યો નથી.'' આશ્રમમાં ચિંતાનું મોજું ફરી વળ્યું. ત્રીજી તારીખ પસાર થઈ ગઈ.

ડૉ.સન્યાલે આપત્તકાળ તરીકે ચોથી તારીખે વહેલી સવારે ઈન્ટ્રાવીનસ દવાઓ આપવાનું શરૂ કર્યું. નીરોધબરન અને ચંપકલાલની સંન્નિષ્ઠ સેવાઓ અખંડ ચાલવા લાગી.

ચોથી તારીખે સવારે શ્રી અરવિંદ નિત્યકર્મ પતાવી સોફામાં બેઠા. તાવ ૯૯ ડીગ્રી હતો. શ્વાસોચ્છવાસની તકલીફ પણ નહોતી.

શ્રી અરવિંદ, ''બંગાલની શું સ્થિતિ છે?''

ડૉ. સન્યાલ, ''નિરાશ્રિતોને પારાવાર તકલીફ છે.

શું પ્રભુ તેમને આ વિપત્તિમાં મદદ નહિં કરે?''

''કરે, પણ... તેમને પ્રભુ જોઈતા હોય તો''

બપોર થઈ. શ્વાસ ફરી ઉપડ્યો. ટેમ્પરેચર ૧૦૨. બપોરે એક વાગે માતાજી આવ્યા. તેમનો ચહેરો વધારે ગંભીર બન્યો, બોલ્યા,

''તેઓ નિવૃત્ત થઈ રહ્યાં છે''

રાત પડી, પરિસ્થિતિ કથળતી ગઈ. રાત્રે અગ્યાર વાગે માતાજીએ શ્રી અરવિંદને અરધો ગ્લાસ ટોમેટો-સુપ પિવરાવ્યો.

મધરાત્રી પછી માતાજી ફરી આવ્યા, માતાજી એકાગ્રતાથી શ્રી અરવિંદ તરફ જોઈ રહ્યાં હતાં. શ્રી અરવિંદે ધીમેથી આંખો ખોલી. તેઓ એકધારી નજરે માતાજી તરફ જોવા લાગ્યાં. કોઈ ગૂઢ આદાન-પ્રદાન ચાલતું લાગ્યું. તેમની હાજરીમાં

દેહત્યાગ નહિ કરી શકે માટે તેઓ ત્યાં હાજર ન રહે એ ઠીક રહેશે એવી શ્રી અરવિંદની ઈચ્છા તેમણે દર્શાવેલી. માતાજી તેમની સૂચનાનુસાર ખંડમાંથી બહાર નિકળી ગયા.

રાતના એક. ડીસેમ્બરની પાંચમી તારીખ. માતાજી ફરી આવ્યાં. ડૉ.સન્યાલ સાથે ખંડ બહાર આવી બોલ્યા.

''શું હું એક કલાક નિવૃત્ત થઈ શકું?''

ડૉ. પ્રભાત સન્યાલ મુંઝાયા. નિવૃત્તિનો અર્થ છે માતાજીનું સૂક્ષ્મ-લોકમાં જઈ કામ કરવું. તે વખતે તેમનું ભૌતિક શરીર તંદ્રામાં હોય છે. તેને જગાડવું એટલે જોખમ.

''માતાજી, હું નિશ્ચત કાંઈ કહી શકતો નથી. કટોકટી ક્યારે પણ સર્જાય.'' માતાજીને કોઈ ઉતાવળ લાગી. તેઓ પોતાના ખંડમાં જતા રહ્યાં.

નીરોધબરન અને ચંપકલાલ શ્રી અરવિંદના ઠંડા પડતા તળિયાને માલિસ કરી ગરમ રાખી રહ્યાં હતાં.

શ્રી અરવિંદ ભાનમાં આવ્યાં. તેમણે નિરોધબરનને સમય પૂછયો. પછી બોલ્યા ''નિરોધ, થોડું પાણી આપશો.'' નિરોધબરનને પોતાનું નામ શ્રી અરવિંદ જે પ્રેમથી બોલ્યા તે સાંભળી ગળે ડુમો આવી ગયો. તેમણે પાણી આપ્યું.

આ ઘટના વિદાયના દસ મિનિટ પહેલા બની. શ્રી અરવિંદે છાતી ઉપર બન્ને હાથ ગોઠવ્યા. અને.... અંતીમ વિદાયની ક્ષણ આવી. અવતારી કાર્ય પૂર્ણ થયું. ચંપકલાલ બહાવરા બની ગયાં. તરત માતાજી આવ્યાં. અર્ધો કલાક સ્તબ્ધ, શાંત ધ્યાનસ્થ ઉભા રહ્યાં. તે દરમિયાન શ્રી અરવિંદે તેમના શરીરમાં દિવ્ય તેજ રેડયું હતું. ડૉ. સન્યાલ બોલ્યા, ''માતાજી, હવે...''

''પેલા સર્વિસવૃક્ષ નીચે સમાધિ આપવાનું મને જણાવેલ છે.''

સરકારી હોસ્પિટલના ડૉ.સુકુમારન્‌ને તેડાવ્યા. તેમણે તથા ડૉ, સન્યાલે મૃત્યુ સર્ટીફીકેટ તૈયાર કરી આપ્યું. આશ્રમના છબીકારોએ અંતિમ ફોટા લીધા.

સવારે પાંચ વાગે આશ્રમવાસીઓને ખબર અપાયા. બધા આશ્રમના ચોગાનમાં ભેગા થયા. કતારમાં શ્રી અરવિંદના ખંડમાં અંતિમ દર્શન માટે જવા લાગ્યાં.

છઠ્ઠી ડીસેમ્બર ૧૯૫૦ સવારે ડૉ.સન્યાલ શ્રી અરવિંદના ખંડમાં આવ્યા. શરીરમાં કોઈ વિકાર નહોતો શરીરની સ્વર્ણિમ ઝાંય વધારે નિખરી હતી.

માતાજી બોલ્યા, ''જ્યાં સુધી અતિમનસ પ્રકાશ છે ત્યાં સુધી શરીર અવિકારી

જ રહેશે.''

''માતાજી, હું તે પ્રકાશ ન જોઈ શકું?'' માતાજી ક્ષણભર એકાગ્ર બન્યા. પછી ડૉ. સન્યાલના મસ્તકે હાથ મૂક્યો. ડૉ. સન્યાલને શ્રી અરવિંદના શરીર ફરતે ભુરાશ પડતો સોનેરી પ્રકાશ દેખાવા લાગ્યો. ચંપકલાલે વિનંતી કરતાં તેમને પણ તે ક્ષમતા આપી.

અતિમનસ પ્રકાશને શરીરમાં ઉતારવા સમગ્ર જીવન શ્રી અરવિંદ સાધના કરતા રહ્યા. તે પ્રકાશને તેઓ સ્થિર કરવામાં યશસ્વી થયા. હવે તેમના તે અતિમનસ કોષો દિવ્યાંશ તરીકે અન્યોમાં તે પ્રકાશ સ્થિર કરવા માટે માધ્યમ પુરૂ પાડશે. સંપર્ક કરી આપશે. આમ જ ઉત્ક્રાંતિ આગળ વધશે.

શ્રી અરવિંદનું આત્મબલિદાન. નવા જગતનું આરંભ બિંદુ બની રહેશે.

નિરોધબરન, ''માતાજી, શ્રી અરવિંદ આ દેહમાં પાછા આવશે ને. તેમણે તેવું જણાવેલ છે.''

''ના, તો તેઓ દેહ છોડત જ નહિ. હા... તેઓ અતિમનસ દેહમાં આવવાનું વચન આપી ગયા છે.''

પાંચમે દિવસે એકસોને અગ્યાર કલાક બાદ અતિમનસ તેજ વિલીન થવા માંડ્યું. આશ્રમમાં બનાવેલી રોઝવુડની સાટીન અને રૂપાથી મઢેલી પેટીમાં મખમલી તકિયા મુકેલાં હતાં. સોનેરી ભરતકામના રેશમી વસ્ત્રો ધારણ કરેલો દેહ મૂકવામાં આવ્યો. પેટીના ઢાંકણા ઉપર સુવર્ણમય શ્રી અરવિંદનું પ્રતીક હતું. પેટી સમાધિમાં ઉતારવામાં આવી. ચંપકલાલે પ્રથમ એક ઘડો માટી પધરાવી. તે પછી અન્ય આશ્રમવાસીઓએ. કોઈ ધાર્મિક વિધિવિધાન નહિં. કોઈ મંત્રોચ્ચાર નહિ. ફક્ત અશબ્દ ધ્યાન... ભાવપૂર્ણ કૃતજ્ઞતા.

તે નવમી ડીસેમ્બરની સાંજ હતી.

માતાજીએ સમાધિ ઉપર પ્રાર્થના કોતરાવી.

''અમારા ગુરૂએ ધારણ કરેલા પાર્થિવ આવરણ, તારા અમે અનંતભાવે કૃતજ્ઞ છીએ. અને હે ગુરો નમન છે અમારાં આપને ચરણે. આપે અમારા માટે કેટકેટલું કર્યું છે? આપે કાર્ય ઉપાડ્યું, જંગ ખેલ્યા, ઘા વેઠ્યા, આશાઓ સેવી. કેટકેટલું તપ્યા? હે ગુરો, આપે સકલ સિદ્ધિને માટે સંકલ્પ સેવ્યો, એ સર્વને સિદ્ધ કરતી સાધના આરંભી. તૈયાર કરીને અમારા માટે સર્વ કંઈ સિદ્ધ કરી આપ્યું. આપને નમન છે અને પ્રાર્થના છે કે આપના પ્રત્યેનું અમારું ૠણ અમે કરી પણ, એક ક્ષણ માટે પણ

**(અનુસંધાન પેજ નં. ૨૪ ઉપર)**

## The Other Earths

An irised multitude of hills and seas,
And glint of brooks in the green wilderness,
And trackless stars, and miracled symphonies
of hues that in ethers shadowless,
A dance of fire-flies in the fretted gloom,
In a pale midnight the moon's silver flare,
Fire-importunities of scarlet bloom
And bright suddenness of wings in a golden air,
Strange bird and animal forms like memories cast
On the rapt silence of unearthly woods,
Clam faces of the gods on backgrounds vast
Bringing the marvel of the infinitudes,
Through glimmering veils of wonder and delight
World after world bursts on the awakened sight.

સામાન્ય માણસ સ્થૂળ જગતને જ જોઈ શકે છે. પણ સાધના શરૂ કરતાં જ સાધકની દૃષ્ટિ સૂક્ષ્મ થતી જાય છે અને આ સ્થૂળ જગત પાછળ રહેલાં સૂક્ષ્મ જગતોનાં તેને દર્શન થવા માંડે છે. તે પણ પાર્થિવ-સૃષ્ટિ જ હોય છે. પણ સૂક્ષ્મ-પાર્થિવ તત્વની બનેલી હોય છે. એ અર્થમાં તેને શ્રી અરવિંદ Other - earth બીજું ભૌતિક જગત તરીકે વર્ણવે છે.

સૂક્ષ્મ દૃષ્ટિનો ઉઘાડ થતાં જ માનવને પ્રાણી કે નિર્જીવ વસ્તુના કિનારે પ્રકાશમય ઈન્દ્રધનુષી ઝાલર દેખાવા માંડે છે. તે વ્યક્તિ વસ્તુના ઓરા,-પ્રકાશવલયની તે ઝાંખી હોય છે. ચેતનાના વિકાસાનુસાર તેના રંગ, તેજસ્વિતા અને વિસ્તાર હોય છે. માનવ પ્રદુષણોથી મુક્ત વનરાઈમાં આવા દૃષ્યો સહજ દેખાય છે.

ઘણી વખત અવકાશમાં તેજોમય વિદ્યુત જેવી વાંકીચુંકી રેખાઓ દેખાય છે. જાણે પર્વતના ઢાળેથી ઉતરતાં ફેનલ ઝરણાં ન હોય ? (glint of brooks)

આ અવકાશ દર્શન સૂક્ષ્મપાર્થિવ તત્વનું હોય તો આછા ભૂરા રંગનું કે કાંચ જેવું પારદર્શક દેખાય છે. પ્રાણમય સૃષ્ટિનું હોય તો વનરાઈ જેવું લીલું કે સિંદુરીયું દેખાય છે. (green wilderness) મનોમય અવકાશ અરૂણીરંગી અને ચૈતસિક અવકાશ ગુલાબી ઝાંય સાથેનું સુવર્ણરંગી હોય છે (golden air)

પ્રાણમય અવકાશમાં નાના નાનાં પરપોટા જેવાં બિંદુઓ આમ તેમ તરતાં અને ખસતાં દેખાય છે. (hues that fleat) ગુઢવાદીઓ તેને મોતી, બિન્દુ વગેરે નામથી વર્ણવે છે. (વિજળીના ઝબકારે મોતી રે પરોવો.... પાનબાઈ) ઉપનિષદો આવા બિન્દુઓને 'તારક-બ્રહ્મ' કહે છે. તેના ઉપર એકાગ્રતા ધારણ કરતાં જ અનાહત બ્રહ્મ-નાદનો અનુભવ થાય છે એમ જણાવે છે. ગ્રીક ગૂઢવાદીઓ તેને 'સ્વર્ગીય-સંગિત' કહે છે. શ્રી અરવિંદ મોતીને trackless starrs and સ્વર્ગીય સંગિતને miracled symphonies કહે છે. ઘણી વખત તેજોમય ગુંચળા અવકાશમાંથી નીચે ઉતરી ધરતીમાં સમાઈ જતાં દેખાય છે. આ પ્રભુના સંકલ્પોની ભૌતિક તત્વમાં થતી વાવણીની ઝાંખી હોય છે. શ્રી અરવિંદ તેમનું વર્ણન કરતાં કહે છે કે જાણે તેજોમય માખીઓ બણબણતી પ્રવેશતી ન હોય એવું લાગે છે (Advance of fire-flies) સૌમ્ય ઘસારાને the moon's silver flare તરીકે વર્ણવે છે.

ઘણી વખત દેવોનાં શાંત, સૌમ્ય આનંદમય ચેહરા પણ દેખાય છે (Calm faces of the gods)

સાધક આ અવનવા દૃષ્યો જોઈને આશ્ચર્ય અને આનંદ અનુભવે છે (Wonder and delight)

આમ આ બધા અવનવા દર્શનોથી આ ભૌતિક જગત પાછળ છૂપાએલાં સૂક્ષ્મ જગતોનું જાણે ચિત્રપટ ચાલતું હોય એવું લાગે છે.

આ બધાં પરિણામો પેલી ખીલતી દિવ્ય-દૃષ્ટિનાં જ હોય છે.

---

(પેજ નં. ૨૨ ઉપરથી) **સનાતન-ઋણ**

ભૂલીએ નહીં. શ્રી અરવિંદે દેહત્યાગ લોકોની ગ્રહણશીલતા નહોવાથી, ફરી અતિમનસ શલ્રીર ધારણ કરવા માટે, પોતાનું લેખન કાર્ય પુરૂ થવાથી, વ્યક્તિગત કક્ષાએ અતિમનસનું અવતરણ થઈ જવાથી કરેલ છે એવા આંશિક કારણો અપાય છે. વાસ્તવિક રીતે તેઓ પ્રભુના સંકલ્પને જ અનુસર્યા છે.

# બાળ-વિભાગ

## જાત મહેનત - જીંદાબાદ

(સુંદરકથાઓ પેજ ૩૮ થી ૪૨)

ગુશ્તાસ્પ ઈરાન દેશનો રાજકુમાર. તેના પિતા સાથે તેને બહુ ગોઠે નહિ. તેથી નાખુશ થઈ તે ભાગ્ય અજમાવવા બહાર નીકળી પડ્યો. પશ્ચિમ-દિશામાં ખૂબ ચાલ્યો. થાક્યો. ભૂખ લાગી. તેથી ત્યાંના રાજા પાસે ગયો.

''હું સારો લહિયો છું. મને નોકરી આપશો ?''

''હમણાં તો તેવી નોકરી નથી. ફરી કોઈ વખત આવજે.'' રાજા બોલ્યા.

ભૂખ કોઈની સગી નથી. તેથી ગુશ્તાસ્પ આગળ ચાલ્યો. એક લુહારની દુકાન દેખાઈ ત્યાં ગયો.

''ભાઈ, મને કામ આપીશ. બહુ ભૂખ લાગી છે.''

''મફતમાં ખાવા ન મળે પહેલા આ ઘણથી આ લોઢું ટીપ'' ગુશ્તાસ્પે ઘણ ઉપાડયો. જોરૂકો હતો. જોરદાર ઘણનો ફટકો લોઢા ઉપર માર્યો. લોઢું તો બાજુએ રહ્યું, લુહારની એરણનાં બે કટકા થઈ ગયા. લુહારે ગાળો આપી. અપમાન કરી કાઢી મૂક્યો. ગુશ્તાસ્પ આગળ ચાલ્યો. એક ખેતરમાં ખેડૂતને દયા આવી. તેને ખાવા આપ્યું. આશ્રય આપ્યો. ગુશ્તાસ્પને હાશકારો થયો.

ત્યાં ખબર આવ્યા. રોમના રાજાને ત્રણ કુંવરીઓ. મોટીને દિલપસંદ પતિ મળે માટે ઉમરાવોના નબીરાઓને જાહેર આમંત્રણ મોકલ્યું છે. ગુશ્તાસ્પે જવાનો નિર્ણય લઈ પ્રયાણ કર્યું.

મોટી રાજકુમારીનું નામ કિતાબન, તેણે ગુશ્તાસ્પને પસંદ કર્યો. રાજાએ લગ્ન કરાવી વિદાય આપી. ગુશ્તાસ્પ અને કિતાબન એક જંગલમાં ઝૂંપડી બાંધી રહેવા લાગ્યા. ગુશ્તાસ્પ શિકાર કરી લાવે. કિતાબન રાંધી ખવરાવે. સંસાર સુખી હતો.

એક દિવસ ગુશ્તાસ્પને મળવા મારબિન આવ્યો. તેને કિતાબનની બીજી બેન સાથે પરણવું હતું. પણ શરત એ હતી કે તે લોકોને ત્રાસ આપતા જંગલી વરૂને મારી બતાડે. પણ મારબિનને શિકાર કરતા આવડતું નહોતું.

ગુશ્તાસ્પ તેને મદદ કરવા તૈયાર થયો. બીજે દિવસે ગુશ્તાસ્પે વરૂને મારી નાખ્યું. મારબિને પોતે માર્યાનું જાહેર કર્યું, તે બીજી રાજકુમારીને પરણ્યો.

થોડો સમય પછી ગુશ્તાસ્પને મળવા અહરૂન આવ્યો. તેને ત્રીજી રાજકુમારી

સાથે પરણવું હતું પણ શરત હતી લોકોને ત્રાસ આપતા એક દૈત્યને મારવાની. અહરૂનનું એ ગજું નહોતું.

''ભલે, તારા માટે હું તે દૈત્યને પણ મારીશ''

ગુશ્તાસ્પે એક યુક્તિ કરી. એક દડાની ઉપર અનેક ઊભા ચપ્પુ ગોઠવી દડાને કાંટાળો કર્યો.

ગુશ્તાસ્પ દૈત્યને શોધવા ધનુષબાણ, ભાલો અને પેલો દડો લઈ નીકળી પડ્યો. ત્રીજે દિવસે દૈત્યનો ભેટો થયો. તેના મોઢામાંથી આગની લપેટ નીકળતી હતી. ત્રીસ ફૂટ ઊંચો કદાવર, ભયંકર. હાથના નખ લાંબા અને અણીયાળા, આંખો લાલઘુમ, સતત ગર્જના કરે.

ગુશ્તાસ્પે તેને બાણોથી ઘાયલ કર્યો. પછી ભાલાની અણીએ પેલો ચપ્પુવાળો અણિયાળો દડો પરોવ્યો ને તે દૈત્યની પાસે ધસી ગયો. તેણે ગર્જના કરવા મોઢું ખોલતા જ ભાલો તેના મોઢામાં ઊંડે સુધી પરોવી દીધો. દૈત્યે ભાલો તો ખેંચી કાઢ્યો. પણ દડો ગળામાં અટવાઈ ગયો. દૈત્ય ગર્જના કરતો રહ્યો. દડો તેનું ગળું ચીરતો ગયો અંતે લોહીની ઉલટીઓ કરી દૈત્ય ધરતીપર ઢળી પડ્યો. અહરૂને જાહેર કર્યું. તેણે દૈત્યને મારી નાખ્યો છે. ત્રીજી રાજકુમારી તેને પરણી ગઈ.

અંતે ગુશ્તાસ્પ સ્વદેશે પાછો ફર્યો. તે ઈરાનનો રાજા થયો. તેના સમયમાં જ પયગંબર ઝરથુસ્થ થઈ ગયા. તેમણે જ પારસી-ધર્મ સ્થાપ્યો. ગુશ્તાસ્પે ઈરાનને સમૃદ્ધ કર્યું.

સારાંશ, દરેકને પોતાની લાયકાત પૂરવાર કરવા પ્રયત્ન અને જાત મહેનત કરવી જ પડે છે. જાત-મહેનત જ માણસને મહાન બનાવે છે.

''મમ્મી, હું ખૂબ મહેનત કરીશ અને મોટો માણસ બનીશ.''

''પ્રોમીસ?''

''પ્રોમીસ, મમ્મી.''

---

**વાણી ઝીલે એ તો, જીતે રે કાળને**

**તારી અખંડ કરુણાજ્યોત, જલતી રહો, મહાનલ રે**

**મનનાં માનસરોવરમાં ખીલે, શ્વેત કમળનાં ફૂલ**

# પુરૂષોત્તમનો યોગ (ગીતા)

પ્રકરણ - ૪

યોગનિષ્ઠાની પૂર્વ તૈયારી

(અ.૨., શ્લો. ૪૭-૫૩)

હે અર્જુન, ચારે વેદોનું સારભૂત તત્વ એટલે બ્રહ્મતત્વનું જ્ઞાન, તેને જ જાણીને સાધનાના અભ્યાસ દ્વારા અનુભવવું એ જ જીવનની ચરિતાર્થતા છે. તે જ જીવનની ધન્યતા છે. તે પરમ-ચેતના સ્વરૂપ બ્રહ્મ જ આપણા સ્વરૂપો મારફત પોતાને પ્રગટ કરવા પ્રયત્ન કરી રહ્યું છે. તેનો આવિર્ભાવ યોગ્ય રીતે કરવો એ જ સાધનાનું રહસ્ય છે. બ્રહ્મતત્વને વિચારો, ભાવનાઓ અને કર્મદ્વારા પ્રગટ કરી શકાય છે.

વિચારોનો સમાવેશ ભાવનામાં થતો જ હોય છે. પ્રભુ પ્રેમની ભાવના હોય તો તેમાં પ્રભુ બાબતનો વિચાર અન્તર્ભૂત જ હોય છે. ભાવનાનાં ગર્ભમાં વિચાર હોય જ છે. તેમજ માણસ કર્મ કરે છે ત્યારે તેની પાછળ ભાવના અને વિચાર પણ હોય જ છે. સારાંશ કર્મમાં વિચાર, ભાવના અને પોતે કર્મ ત્રણેનો સમાવેશ થતો હોય છે અને તેઓ એક બીજાના પૂરક બની જતા હોય છે. જો આપણે પરમ-ચેતનાને કર્મ-દ્વારા પ્રગટ કરવા મથશું તો પોતાની મેળે પરમ-ચેતના આપણા વિચારો અને ભાવનાઓ દ્વારા તો પહેલાથી જ પ્રગટ થવા માંડી હશે.

બીજું, વિચાર અને ભાવના એ આપણા શૂક્ષ્મ શરીરનું કાર્ય છે. જ્યારે કર્મ એ આપણા સ્થૂલ-દેહનું કાર્ય છે. આવી રીતે આ બે શરીર તો પોતાની મેળે કર્મમાં શામેલ થઈ જ જાય છે. કર્મદ્વારા પ્રભુ પ્રત્યેની ભક્તિ પ્રગટ થાય છે ત્યારે તેમાં આપણું કારણ શરીર પણ સહભાગી થાય છે. આમ કર્મદ્વારા પ્રભુને પ્રગટ કરવા એટલે આપણા ત્રણે શરીરોને તેમાં શામેલ કરવા બરોબર છે.

તેથી યોગ-નિષ્ઠા સાથે આપણે જ્યારે કર્મોદ્વારા પ્રભુને ભજીએ છીએ ત્યારે આપણે પ્રભુ પ્રત્યે નિશેઃષ સમર્પણ કરેલ હોય છે. હે અર્જુન, તું ક્ષત્રિય છે. તારી પ્રકૃતિ પણ ક્ષાત્રધર્મને અનુરૂપ છે. તને આ યુદ્ધ કરીને કર્મદ્વારા પ્રભુને પ્રગટ કરવાનો મોકો પણ મળ્યો છે. આવો મોકો ગુમાવવો તને પાલવે એમ નથી. તેથી આ કર્મના પરિણામ શું આવશે તેનો વિચાર કર નહિ. કર્મ કરવામાં જ રૂચિ રાખ. તે જ તારો અધિકાર છે. તે જ તારી મર્યાદા છે. ફળ બાબત પ્રભુ ઉપર છોડી દે.

કર્મફળ બાબત નિરપેક્ષ બની જા (મા કર્મફળ હેતૂ ર્ભૂ: ૨/૪૭)

પ્રભુ આ યુદ્ધની ઘટનાનો ઉપયોગ કરીને ધર્મમાં આવેલી ગ્લાની દૂર કરવા માગે છે. ધર્મના બાહ્ય અંગને મહત્વ આપી અંતરંગ તરફ દુર્લક્ષ્ય કરવું એ જ ધર્મગ્લાનિ અથવા ધર્મમાં પ્રવેશેલો ખરાબો છે. તેનો નાશ કરવા જ આ આયોજનને સમજ અને તેથી તે આયોજનમાંથી  અળગો રહીને નિષ્ક્રિય રહેતો નહિ. (મા તે સંગોસ્વકર્મણિ ૨/૪૭)

પ્રિય અર્જુન, મિત્ર, તું મને સમજે છે ને?

પ્રભુને પોતાની મારફત વિના અવરોધે કાર્ય કરવા દેવા એ જ કર્મયોગ છે. એ જ વ્યક્તિએ સાચી રીતે યોગને અપનાવ્યો છે, એમ કહી શકાય (યોગસ્થ કુરૂ કર્માણિ - ૨/૪૮) આવો યોગી કર્મના સ્વરૂપનો કે કર્મના સમય બાબત પોતાની કોઈ પસંદગી કે નાપસંદગી રાખતો નથી. તે કર્મ પોતાની હાથે જ થવું જોઈએ એવો પણ તેનો આગ્રહ હોતો નથી. તે પોતે એકલા જ કરી નાખશે એવો પણ તેનો આગ્રહ નથી. જે પણ તે કાર્યમાં પ્રેમભક્તિથી જોડાય તેમનો તે સમાવેશ કરતો જાય છે. તેની મદદ લેતો જાય છે. કર્મયોગ કરવાનો ફક્ત મને જ અધિકાર નથી. બધાને જ છે. વળી તે કર્મ પૂર્ણ કરવામાં કોને કોને નિમિત્ત બનાવવામાં આવશે તે પ્રભુનું આયોજન હોય છે. અને પ્રભુનો સંકલ્પ સહજ રીતે યથાકાળે પ્રગટ થતો હોય છે. તેથી સાચા યોગીએ તો જે કોઈ કાર્ય સામેથી સહજરીતે આવે તે સ્વીકારી શક્ય એટલા બધાના જ સહકાર મેળવી તે કાર્યને વધારે ને વધારે પૂર્ણતા લાવવાની ધગશ રાખવી જોઈએ. તે કર્મ બાબતમાં ખોટી આસક્તિ પણ રાખવાની હોતી નથી. તે કર્મ કરું છું, તેનું અભિમાન પણ રાખવાનું હોતું નથી (સંગં વ્યક્ત્વા ૨/૪૮)

બીજું, તે કર્મ કર્યા પછી પ્રભુ તે કાર્યને યશ આપશે કે અપયશ આપશે તે બાબત પણ તદ્દન નિર્લેપ રહેવું જોઈએ. માનવનાં દૃષ્ટિકોણથી જેને યશ અથવા અપયશ કહેવાય છે તે પ્રકારનું મૂલ્યાંકન પ્રભુનું હોતું નથી. પ્રભુ કાયમ વ્યક્તિગત અને સામૂહિક-વિકાસ વચ્ચે સંતુલન અને સંવાદમયતા રાખવાનો પ્રયત્ન કરતાં હોય છે. જ્યારે માનવ યશ અને અપયશ ને વ્યક્તિગત વિકાસની દૃષ્ટિએ જ મૂલવતો હોય છે. સામૂહિક જાગૃતિ માટે અને સામુહિક સભાનતા કેળવવા માટે વધતા જતા ક્રમે પ્રયત્નો કરવાનાં હોય છે. હાલનું સામાજિક સંતુલન દબાણ સહન કરી શકે તેટલું જ દબાણ આપ્યા પછી પ્રભુ દબાણ હઠાવી લે છે અને સમાજની સામૂહિક-ચેતનાને તે દબાણના પ્રભાવ નીચે પોતે જ નવું સંતુલન ગોઠવવા સમય ગાળો આપે છે. આ સમયગાળો વ્યક્તિને પોતાના કાર્યમાંની અસફળતા જેવો લાગે છે. તેને જે માનવી-

સુલભ કામ પતાવવાની ઉતાવળ હોય છે તે અનુસાર ઉત્ક્રાંતિ આગળ વધતી નથી. ઉત્ક્રાંતિનો પોતાનો લય અને તાલ હોય છે. તે પોતાની રીતે સમય લે છે, જે વ્યક્તિને લાંબો લાગે છે. તેથી સાચા યોગીએ તો આ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાંની ગૂંચવણો સમજીને પોતાના પ્રયત્નને તાત્કાલિક યશ ન મળે તો પણ હતાશ થવાનું હોતું નથી. ધીરજ રાખવી પડે છે. પ્રયત્નના યશ અપયશમાં સિદ્ધિ અસિદ્ધિમાં સમતા, ધીરજ, સમજણ, કેળવવાની હોય છે. આવા પાઠ પણ વ્યક્તિના વિકાસમાં જરૂરી હોય છે. તેથી યોગીએ પોતાના કાર્યના યશાપયશમાં સમતા રાખવી જરૂરી છે. (સિદ્ધયસિધ્યોઃ સમો ભૂત્વા ૨/૪૮)

આવી સમતા યોગી માટે ખૂબજ જરૂરી હોય છે. તેને પણ યોગનો જ ભાગ ગણવાની વૃત્તિ રાખવી જરૂરી છે (સમત્વં યોગ ઉચ્યતે - ૨/૪૮)

તેથી ફળની આશા સાથે કરેલુ કર્મ આ બુદ્ધિયોગ અર્થાત યોગ-બુદ્ધિથી ઘણું બધું નીચલી કક્ષાનું છે (દૂરેણ હયવરં કર્મ બુદ્ધિયોગાત્ ધનંજય ૨/૪૯) તેથી હે અર્જુન આ પ્રકારની યોગનિષ્ઠા અથવા યોગબુદ્ધિનું જ શરણું સ્વીકાર (બુદ્ધૌ શરણં અન્વિચ્છ - ૨/૪૯) ખરેખર અર્જુન ફળાસક્તિ સાથે કર્મ કરનારા ખૂબજ ટૂંકી-બુદ્ધિના હોય છે. ક્ષુદ્ર લોભમાં મહાન સિદ્ધિ તરછોડનારા હોય છે. દયાને પાત્ર હોય છે. તેમની આસક્તિ તેમને લોભિયા બનાવી દે છે. (કૃપણાઃ ફલહેતવઃ ૨/૪૯)

આવી યોગબુદ્ધિ જેને પ્રાપ્ત થઈ છે તે પાપ અને પૂણ્ય બન્નેના ખ્યાલથી ઉપર ઉઠે છે કારણ અનુકૂળ ફળ આપણા કર્મને પુણ્ય અને પ્રતિકુળ ફળ આપતા કર્મને પાપ કહેવામાં આવે છે. ફળાશક્તિનો જ ત્યાગ થતાં આવો યોગી પુણ્યપાપની કડાકૂટમાંથી મુક્ત થઈ જાય છે. (બુદ્ધિયુક્તો જહાતીહ ઉભે સુકૃતદુષ્કૃતે ૨/૫૦) તેથી પ્રિય અર્જુન, તું પણ તે પાપપુણ્યની કડાકુટમાં જે અટવાઈ ગયો છે તેમાંથી મુક્ત થઈ જા અને પોતાને યોગમાં જ પ્રયોજી દે. (તસ્માદ્ યોગાય યુજ્યસ્વ ૨-૫૦)

આવી રીતે કર્મને તેના ફળથી જુદુ કરવાનું કૌશલ્ય ફક્ત કર્મયોગમાં જ છે. જ્ઞાનયોગ અર્થાત સાંખ્યયોગમાં તો કર્મ અને ફળ બન્નેનો ત્યાગ થઈ જાય છે. પણ કર્મયોગમાં કર્મ કરવા છતાં ફળમાંથી કર્તાને મુક્તિ મળે છે. આવી રીતે કર્મ કરવાનું કૌશલ્ય ફક્ત કર્મયોગમાં જ છે. તેથી તે કર્મયોગની ખાસ વિશેષતા છે (યોગઃ કર્મસુ કૌશલમ્ ૨/૫૦) આવી રીતે યોગબુદ્ધિ અથવા યોગનિષ્ઠાથી મુક્ત સાચો ચિંતક, મુની કર્મમાંથી નિર્માણ થતા ફળને પ્રભુની ઈચ્છા ગણી તેમાંની આસક્તિને છોડી દે છે. પોતે ફક્ત કર્મનો નિમિત્ત માત્ર બની રહે છે. તેથી તે કર્મ તેને આસક્તિનાં અભાવને કારણે જન્મમૃત્યુનાં બંધનમાં બાંધી શકતા નથી. સંચિત કર્મ નિર્માણ થતું

જ નથી. તો તેમાંથી નિર્માણ થતા પ્રારબ્ધ કર્મ અને ક્રિયમાણ કર્મની તો વાત જ શું કરવી.

કર્મમાંની આસક્તિ રૂપ જે સંસ્કારો અવચેતનમાં નોંધાય છે તે ત્યાં સંચિત થતા હોય છે. તેને જ સંચિત કર્મો કહે છે. આવતા જન્મે તે વ્યક્તિનો ચૈત્યપુરૂષ જે પ્રકારની પ્રગતિ અને વિકાસ કરવાના સંકલ્પ સાથે નવો જન્મ અને દેહ ધારણ કરે છે તેના આધારે તે વિકાસના માટે ઉપયોગી સંસ્કારો જુદા તારવવામાં આવે છે. ઉપયોગમાં સહાયક અને અવરોધક બન્ને પ્રકારનાં સંસ્કારોનો સમાવેશ થાય છે. સહાયક નવી પ્રગતિને મદદ રૂપ થાય છે. જ્યારે અવરોધક સંસ્કારો તે નવી પ્રગતિને મજબૂતાઈ અને સ્થાયીપણું આપે છે. આવા તારવેલા સંસકરોના અલગ સંસ્કારોને જ પ્રારબ્ધ-કર્મ કહે છે. પ્રારબ્ધ એટલે ભાગ્ય. જે કર્મો નવા જન્મમાં પરિણામ આપશે તેને પ્રારબ્ધ-કર્મ કહેવાય છે. પછી આ પ્રારબ્ધ કર્મને પ્રગતિ અને વિકાસના તબક્કાનુંસાર ગોઠવવામાં આવે છે. જે પ્રારબ્ધ કર્મો હાલના તબક્કે ફળ દેવા ગતિમાં મુકાયા છે તેમને ‘ક્રિયમાણ કર્મ’ કહે છે.

આવી રીતે વ્યક્તિનો ચૈત્યપુરૂષ પોતાના વિકાસ માટે સંચિત કર્મોમાંથી જ પ્રારબ્ધ અને ક્રિયમાણ કર્મની ગોઠવણ કરતો હોય છે. યોગનિષ્ઠાથી કર્મ કરતી વખતે પ્રભુના કાર્યનું નિમિત્ત બનવાથી સમર્પણભાવનાં જ સંસ્કારો રચાતા હોય છે. જે બંધનકારક હોતા નથી. ધીમે ધીમે પ્રારબ્ધ-કર્મ ખૂટતા જ દેહત્યાગ થાય છે અને સંચિત કર્મોમાં સમર્પણભાવનું મેળવણ પડવાથી તે બધા પણ સમર્પણભાવમાં જ રંગાઈ જાય છે. તેથી તે શેકેલા બીજો જેવા પ્રારબ્ધ કર્મ નિર્માણ કરવાનું સામર્થ્ય ગુમાવી બેસે છે. જન્મમૃત્યુનું ચક્ર થંભી જાય છે અને યોગી પરમ-ચેતના સાથેની એકરૂપતા સ્વરૂપ નિર્વિકારતામાં સ્થિર થઈ જાય છે. (પદં ગચ્છન્ત્યનામયમ્ - ૨/૫૧)

આવી રીતે કર્મમાંની અને તેના ફળમાંની આસક્તિ સ્વરૂપ મોહનાં કલણને, કિચડને, જ્યારે, હે અર્જુન, તારી બુદ્ધિ પાર કરી જશે ત્યારે જ અર્જુન તે સાંભળીને જાણેલાં અને ન સાંભળેલાં અર્થાત જાણેલા અને અજાણ બધા જ પ્રકારનાં ઈહ અને પરલોકના ભોગોમાંથી તારી આસક્તિ છૂટી જશે. તેમજ પેલા વિવિધ કર્મકાંડો દ્વારા વિવિધ પ્રકારના સ્વર્ગીય ભોગો મેળવવા દોડાદોડ કરતી તારી બુદ્ધિ શાંત, સ્થિર, ઠરીઠામ થઈ જશે અને સમતા અને અનાસક્તિમાં સ્થિર થશે. ત્યારે જ અર્જુન, તને આ યોગનિષ્ઠા પ્રાપ્ત થવાની શરૂઆત થઈ છે એમ માનજે અન્યથા નહિ. (તદા યોગમવાપ્સ્યસિ - ૨/૫૩) (ક્રમશઃ)

# ભવાની મંદિર : એક અધુરૂ સ્વપ્ન

(મધર ઈન્ડીયા નવે.૨૦૦૮ના સૌજન્યથી)

ભાષાંતર - શ્રી પી.એમ. વૈશ્ણવ

ભવાની મંદિર એટલે શું ? તેનું ધ્યેય શું ? તેને કેવી રીતે આપણી અંદર સાકાર કરવાનું છે ? આનો સ્પષ્ટ અને સમગ્ર ખ્યાલ શ્રી અરવિંદે પોતે આપેલો છે. આપણે તેમના જ શબ્દોમાં તેનો પરિચય મેળવીએ.

## ભવાની મંદિર

**ૐ**

નમઃ ચણ્ડિકાયૈ

એક મંદિર સ્થાપવાનું છે અને તેને ભવાની માતાને સમર્પિત કરવાનું છે. આ પવિત્ર કાર્યમાં સહાય કરવા માનાં દરેક બાળકને આ સંદેશ મોકલવામાં આવે છે.

**માતા ભવાની કોણ છે ? અને આપણે તેનું મંદિર શા માટે રચવાનું છે ?**

**ભવાની એ અનંત શક્તિ છે.** પરિભ્રમણમાં, શ્રી અરવિંદ લખે છે : આ જગતમાં સતત ચાલતું શાશ્વત પ્રભુનું ચક્ર તેના ક્રમ પ્રમાણે બળપૂર્વક ઘૂમતું રહે છે. અનંત શક્તિ શાશ્વત પ્રભુમાંથી વહે છે અને તે આ ચક્રને કાર્યમાં નિયોજે છે અને તે જ માનવમાં વિવિધ આકારો અને સ્વરૂપોમાં દેખાય છે. આ શક્તિની પ્રત્યેક અવસ્થા સર્જક છે અને દરેક યુગમાં તે સ્પષ્ટપણે દેખાય છે. કેટલીકવાર આ શક્તિ પ્રેમ રૂપે પ્રગટે છે, કેટલીકવાર તે જ્ઞાન દ્વારા પ્રગટે છે, કેટલીક વાર તે વૈરાગ્યરૂપે પ્રગટે છે, તો કેટલીકવાર તે કરૂણારૂપે પ્રગટે છે. આ અનંત શક્તિ જ ભવાની છે. તે દુર્ગા પણ છે, તે કાલિ છે, તે પ્રભુની પ્રેયસી રાધા છે, તે જ લક્ષ્મી છે. તે જ આપણી માતા છે અને આપણા સૌની સર્જનહાર છે.

**ભવાની એ શક્તિ છે.**

આ યુગમાં, શ્રી મા શક્તિ સ્વરૂપે આવિર્ભાવ પામ્યાં છે. તેઓ વિશુદ્ધ શક્તિ છે.

**સમગ્ર જગત શ્રી માની શક્તિ સ્વરૂપે વિકસી રહ્યું છે.**

આ સમજવા માટે આપણી આંખો ખુલ્લી રાખી આપણી આસપાસનાં જગતના દેશો પર દૃષ્ટિ કરીએ છીએ ત્યાં ત્યાં આપણને વિકરાળ બળનો જથ્થો

દેખાય છે. આ બળો જબરદસ્ત છે, ઝડપી છે, અને કઠોર છે, તેઓ શક્તિના વિશાળકાય આકારો છે, અને પોતાની સાથે ખેંચી જતાં ભયાનક બળોના સ્તંભ છે. અત્યારે જગતમાં બધું જ વિશાળ અને સુદૃઢ બનતું જાય છે. યુદ્ધની શક્તિ, સંપત્તિની શક્તિ, અને વિજ્ઞાનની શક્તિ, અગાઉ કરતાં દશ ગણી વધુ બળવાન અને પ્રચંડ બની છે, તેનાં કાર્યોમાં અગાઉ કરતાં તે સો ગણી વધારે વિકરાળ, ઝડપી અને પ્રવૃત્તિશીલ બની છે, અને ઈતિહાસમાં અગાઉ કદિ ન નોંધાઈ હોય તેવી અગાઉ કરતાં આ શક્તિ પોતાની સાધન સામગ્રી, હથિયારો અને યંત્રોની બાબતમાં હજાર ગણી ફલપ્રદ બની છે. હરેક સ્થળે મા ભગવતી પ્રવૃત્ત થઈ છે. માના બળવાન અને મૂર્ત સ્વરૂપ આપનાર હાથમાંથી રાક્ષસો, અસુરો અને દેવો પ્રગટ થઈ આ જગતની યુદ્ધભૂમિમાં કૂદી પડે છે. આપણે પશ્ચિમના દેશોમાં મહાન સામ્રાજ્યોનો ધીમો પણ બળવાન ઉદય જોયો છે. આપણે જાપાન જેવા નાના દેશને જીવનમાં વેગવાન, અવિરોધ્ય અને ઝડપી છલાંગ મારતો જોયો છે. માની શક્તિઓ બે પ્રકારની છે. કેટલીક મ્લેચ્છ શક્તિઓ છે, તેમનું બળ ગમગીનીના વાતાવરણવાળું હોય છે, તેઓ તમસ અથવા રજસથી રક્તવર્ણા હોય છે; માની બીજી શક્તિઓ આર્યશક્તિઓ છે, તેઓ ત્યાગ અને પૂર્ણ આત્મસમર્પણની વિશુદ્ધ જ્વાળામાં પરિપ્લાવિત હોય છે. પરંતુ આ બધું શ્રી મા જ છે, તેના નવા સ્વરૂપમાં. તે જ બધાંને નવો ઘાટ આપે છે અને સર્જન કરે છે. જે જે પુરાણું છે તેમાં તે પોતાની શક્તિ રેડે છે; જે જે નવું છે તેને તે ઝડપથી ઘૂમાવી જીવન બક્ષે છે.

**આપણે ભારતીયો, શક્તિના અભાવને લીધે તમામ કાર્યોમાં નિષ્ફળ જઈએ છીએ.**

પરંતુ ભારતીયોમાં પ્રભુનો પવન ધીમી ગતિથી વહે છે, પ્રકાશ આવવામાં સમય લાગે છે. ભારત, આપણી પ્રાચીન માતા, નવો જન્મ પામવા ખરેખર પ્રયાસ કરે છે, તે પીડા અને અશ્રુઓ સાથે પ્રયાસ કરે છે, પરંતુ તેનો પ્રયાસ વ્યર્થ બની રહે છે. ભારતમાતા જે આટલી વિશાળ છે અને ખૂબ શક્તિશાળી હોવી જ જોઈએ, તેને ક્યું દુઃખ છે ? ખરેખર, આપણામાં કોઈ ભયંકર ખામી છે, કશીક દુર્બળતા હોવી જોઈએ; એ ખામી શું છે તેનું નિદાન કરવું મુશ્કેલ નથી. આપણી પાસે બધું જ છે, પરંતુ આપણામાં બળ નથી આપણાં હૃદયમાં નથી આપણા મગજમાં કે આપણા બાહુઓમાં પણ નથી.

આપણામાં નવું જીવન પ્રાપ્ત કરવાની અભીપ્સા પુષ્કળ પ્રમાણમાં છે, તે

બાબતમાં કોઈ કમી નથી. ધર્મની બાબતમાં, સામાજિક બાબતોમાં અને રાજકીય ક્ષેત્રે, આપણે કેટલા બધા પ્રયાસ કર્યા છે, કેટકેટલાં આંદોલનો ચલાવ્યાં છે ! પરંતુ તે બધાંની એ જ અવદશા થઈ છે અથવા અવદશા થવાની તૈયારીમાં છે. આ બધા પ્રયાસો થોડોક સમય વિકસે છે, પરંતુ પછી તેની પ્રેરણામાં ઓટ આવે છે, તેનો અગ્નિ ઓલવાઈ જાય છે, અને કેટલાક પ્રયાસો ટકી રહે તો પણ, તેઓ ખાલી ખોખાં જેવા બની રહે છે. તેમનામાંથી બ્રહ્મ તેજ જતું રહે છે અથવા તો તમસ તેને હરાવી ને જડ બનાવી દે છે. આપણે આરંભે તો શૂરા છીએ, પરંતુ પછીથી કાર્ય આગળ વધતું નથી કે નથી પ્રાપ્ત થતું તેનું કોઈ પરિણામ.

પરંતુ હવે આપણે એક બીજી દિશાએથી પ્રારંભ કર્યો છે; આપણે એક મોટું ઔદ્યોગિક વિકાસનું આંદોલન શરૂ કર્યું છે. તેનાથી આ દરિદ્ર દેશની ધરતી સમૃદ્ધ અને નવસર્જિત થશે. જો કે આપણને આનો અનુભવ નથી, પરંતુ અમને લાગે છે કે બીજા બધાં આંદોલનોના જેવી જ આની દશા પણ થશે, સિવાય કે આપણે એક જરૂરી વસ્તુને પ્રથમ મેળવીએ, અને તે છે શક્તિ મેળવવાનું કાર્ય.

**શક્તિ વિનાનું આપણું જ્ઞાન એ મૃત વસ્તુ છે.**

શું આપણામાં જ્ઞાનની કમી છે ? આપણે ભારતીયો તો એક એવા દેશમાં જન્મ્યા અને ઉછર્યા છીએ, કે જ્યાં પૃથ્વી પર માનવજાતિનો જન્મ થયો ત્યારથી જ જ્ઞાન એકત્રિત કરી સંગ્રહવામાં આવ્યું છે. આપણે તો આપણી અંદર હજારો વર્ષના વારસાની ઉપલબ્ધિને ધારણ કરીએ છીએ. આ જ્ઞાનરાશિમાં વૃદ્ધિ કરવા હજુ આજે પણ મહાન જ્ઞાની પુરૂષો આવતા રહે છે. આપણી ક્ષમતા સુકાઈ ગઈ નથી, આપણી બુદ્ધિની તીક્ષણતા ધાર વિનાની કે બૂઠી થઈ ગઈ નથી, તેની ગ્રહણશીલતા અને લવચીકતા પ્રાચીન સમય જેટલી જ હજુ પણ વિવિધતાભરી છે. પરંતુ આપણું જ્ઞાન મૃતઃપાય છે, તેના બોજા નીચે આપણે બેવડા વળી ગયા છીએ, તે એક ઝેર સમાન બની આપણને અંદરથી કોરી રહ્યું છે, ખરેખર તો તે આપણા હાથમાં શસ્ત્રરૂપ બનવું જોઈએ; બધી મહાન વસ્તુઓનો એ સ્વભાવ હોય છે કે જ્યારે તેમને વાપરવામાં આવતી નથી અથવા ખોટી રીતે વાપરવામાં આવે છે, ત્યારે તેઓ તેને ધારણ કરનાર પર જ પાછી ફેંકાય છે અને તેનો નાશ કરે છે. (ક્રમશઃ)

# પત્રોત્તર

# પુનર્જન્મ

પ્રકરણ - ૧

(યોગ વિષે પત્રો - ભા-૧, પેજ - ૪૮૧-૪૮૯)

ગતજીવનમાં અધુરી રહેલી આત્માની પ્રગતિ અને વિકાસ, અને વિશ્વ પ્રકૃતિમાંથી મળતી જરૂરી સામગ્રીની મદદ આ બે વસ્તુઓનો સુવર્ણમધ્ય સધાઈને પુનર્જન્મનું સ્વરૂપ રચાય છે.

ગત જન્મના મૃત્યુ સમયે જ્યારે તે જીવનનાં સારભૂત પ્રસંગો ચલચિત્રની જેમ મનની આંખો સામેથી પસાર થતાં હોય છે, ત્યારે શરીર છોડવા સક્રિય બનેલો ચૈત્યપુરૂષ તેના સારભૂત વલણો અને સંસ્કારોને ગ્રહણ કરતો હોય છે. તે જાણે આ નિસર્ગના જીવંત કોમ્પ્યુટરમાં બેકઅપ લેવાની પ્રક્રિયા સમાન હોય છે. આ સારગ્રહણની પ્રક્રિયામાં પ્રસંગોનાં સ્થળકાળ અને પાત્રોનાં નામઠામ પડતા મુકાય છે. પણ તે પ્રસંગે ચૈત્યપુરૂષે અપનાવેલા વલણનાં સંસ્કારો જ ગ્રહણ કરવામાં આવે છે. લાંબા પ્રવાસે ઉપડતા પહેલાની મુસાફરની જરૂરી ચીજવસ્તુઓ એકઠી કરીને બેગમાં ગોઠવવાની દોડધામ જેવી આ ચૈત્યપુરૂષની પ્રક્રિયા હોય છે.

ભૌતિક શરીરનો ત્યાગ એ મૃત્યુની પ્રક્રિયાની શરૂઆત અને પ્રથમ તબક્કો માત્ર હોય છે. ચૈત્યપુરૂષે ધારણ કરેલાં ત્રણ શરીરો પૈકી સહુથી વધુ સ્થૂલ એવા ભૌતિક શરીરનો ત્યાગ કરવામાં આવે છે. તે પછી પ્રાણમય અને મનોમય કોષોનાં બનેલાં સૂક્ષ્મ શરીરનો ત્યાગ કરવામાં આવે છે, તેની સાથે વીતાવેલા જીવનનાં રેકર્ડ, સ્થળકાળ, ઘટના નામઠામ જેવી વિગતો બેકઅપમાંથી કાઢી નાખવામાં આવે છે. પ્રાણમય અને મનોમય કોષોના વિઘટનની ક્રિયા ભૌતિક કોષના વિઘટન પ્રક્રિયા કરતાં લાંબી ચાલે છે. આસરે ત્રણસોથી પાંચસો વર્ષનો ગાળો બની શકે છે. મૃતવ્યક્તિ જેટલી વધારે અનાસક્ત અને આધ્યાત્મિક રીતે પ્રગત તેટલો આ ગાળો ટૂંકો હોય છે.

ભૌતિક-શરીરના ત્યાગબાદ શૂક્ષ્મ ભૌતિકમાં અંદાજે ત્રણ વરસ આત્મા રહેતો હોય છે. આ સૂક્ષ્મ શરીરમાં જાગૃત થવા પહેલાની અવસ્થા હોય છે. ત્યારે તે પૃથ્વી ઉપરના વાસીઓ સાથે સંપર્કમાં રહી શકે છે. અને સગાસંબંધીની

પ્રાર્થનાઓ અને આસક્તિઓ તેની આ કક્ષાની મૂક્તિમાં મદદરૂપ કે અવરોધરૂપ બની જતી હોય છે. મૃતાત્માએ પોતાના સંકલ્પથી જ ભવિષ્યની પ્રગતિ માટે દેહ છોડ્યો છે આવો ભાવ અને સાચા હૃદયની પ્રાર્થનાઓ અને સદ્‌ભાવનાઓ જ તેને સાચી મદદરૂપ થાય છે.

મૃતાત્માના પ્રાણમય સ્વરૂપને દિલાસો દેવા માટે જ પિંડદાન, શ્રાદ્ધ વગેરે ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવતી હોય છે. તેને કારણે તે પૃથ્વી તરફના ખેંચાણમાંથી પોતાને મુક્ત કરી શકે છે. પણ સમજ્યા વગરનાં, ગૂઢ જગતની પદ્ધતિથી અજાણ લોકોનાં ઉપર મુજબનાં વિધિ-વિધાનો બહુ યશસ્વી થતાં નથી.

જો મૃતાત્માના પ્રાણમય અને મનોમય તત્વો વિકસીત થયા હોય તો તે તેના ચૈત્યપુરૂષના સ્વરૂપની બાંધણીમાં વપરાઈને કાયમીભાગ બની જાય છે. આવા તત્વોમાં ઘણી વખત ગત જન્મની ઘટનાની વિગતો સચવાઈને નવા જન્મમાં પ્રગટ થવાની સંભાવના વધી જાય છે.

કારણ શરીર દ્વારા પ્રગટ થતા ચૈત્યપુરૂષને જ આપણે ‘જીવ’ કહેતા હોઈએ છીએ. તે જન્મધારણ કરે છે, વિકાસ પામે છે અને શરીર ત્યાગે પણ છે. જીવાત્મા તો આ જીવથી પણ ઊર્ધ્વમાંનું તત્વ છે. જે જન્મતો નથી અને શરીર ત્યાગતો પણ નથી. અને વિકાસ પણ પામતો નથી. તે આ જન્મમરણની પ્રક્રિયાને અવિચલ અક્ષર પુરૂષ તરીકે  ટેકો દેતો હોય છે અને પોતાને પ્રભુ, પરમ-ચેતનાનાં અંશ તરીકે સદા અનુભવતો હોય છે.

મૃતાત્મા માનવ-દેહ છોડી પછી નીચલી કોટીનાં યોનિમાં જન્મતો નથી.... ઉંત્ક્રાંતિમાં એક જ કક્ષાએ પ્રગતિ અને પતન શક્ય છે પણ નિમ્નકક્ષાએ ફરી દેહ ધારણ શક્ય નથી. છતાં તેવી આભાસમય ઘટનાઓ બને છે તેનું કારણ નીચે પૈકી એક હોય છે.

(૧) મૃતાત્માએ ત્યાગેલા પ્રાણમય અવશેષો આકસ્મિક રીતે કોઈ જીવંત પશુના પ્રાણમય ભાગ સાથે જોડાઈ જાય છે અને તેની દ્વારા તૃપ્ત થઈ પછી વિઘટન પામતા હોય છે. તૃપ્તિ દરમિયાન પુનર્જન્મનો આભાસ રચાય છે.

(૨) મૃતાત્માના પ્રાણમય અવશેષો નવા જન્મતા પશુના પ્રાણમય ભાગનાં ઘડતરમાં પ્રવેશી જાય છે અને ત્યાં સ્થાયિ થાય છે. પૂર્વસ્મૃતિને કારણે મૃતાત્માએ પશુ તરીકે જન્મ લીધો એવો આભાસ રચે છે. પોતાની સંપતિમાં આસક્ત મૃતાત્મા પોતાની સંપત્તિ પાસે સાપ બની રક્ષણ કરે છે વગેરે આવી ઘટનાઓ હોય છે. મૃત્યુ સમયે આપણી કેન્દ્રસ્થ-ચેતના ભૌતિક શરીરના મસ્તક દ્વારા નિકળી

સૂક્ષ્મ શરીરમાં કેન્દ્રીત થતી હોય છે. તેમાંના સૂક્ષ્મપાર્થિવ, પ્રાણમય કોષ અને મનોમય કોષના વિઘટન પછી કારણ શરીરમાં કેન્દ્રીત થાય છે.

મૃતાત્માએ ભૌતિક અને શૂક્ષ્મ શરીર ત્યાગ્યા પછી તે ચૈત્યપુરૂષ જ્યારે કારણ શરીરમાં સ્થિર થાય છે ત્યારે તે તદ્દન આરામમાં અથવા સ્વલીન તંદ્રામાં હોય છે.

ત્યારે ગતજીવનના સારભૂત તત્વોને પચાવી ચૈત્યપુરૂષના દિવ્ય પ્રકૃતિમાં એક વલણ તરીકે સ્થાપવામાં આવે છે.

નવા જન્મમાં ક્યા સ્વરૂપોનો વિકાસ જરૂરી છે એનો ખ્યાલ ચૈત્યપુરૂષને ભૌતિક-શરીરના ત્યાગ વખતે જ્યારે બેકઅપ લેવાતું હોય છે અને સારભૂત વલણો તારવવામાં આવતાં હોય છે ત્યારે આવે છે. અને ત્યારે જ તે ભાવી - જીવનના વિકાસની આછી રૂપરેખા તૈયાર કરતો હોય છે. તેથી જ ધર્મોમાં 'અંતે મતિ સો ગતિ' એ સિદ્ધાંત માન્ય થયો છે. પણ ભાવિ જન્મનું નિશ્ચિત સ્વરૂપ તો સારભૂત તત્વો કારણ શરીરમાંની આરામદાયક સ્થિતિમાં પચી ગયાં બાદ નવા જન્મનો સંકલ્પ જાગૃત થયા બાદ જ નિશ્ચિત થાય છે. ત્યારે ચૈત્યપુરૂષ ભાવિ માતપિતાની શોધ આદરે છે અને તે વખતે જે શક્યતાઓ દેખાય છે તેને અનુસરીને ભાવિ-જીવનની રૂપરેખા તૈયાર થાય છે.

એક જન્મનાં સંબંધો તે પછીના જન્મમાં રૂણાનુંબંધ તરીકે ચાલુ રહે છે એવી જે સર્વસામાન્ય માન્યતા છે તે અર્ધસત્ય છે. પ્રથમ તો નવા જન્મે તે સંબંધ જેવોને તેવો જ ન રહેતા બદલાઈ જાય છે. સંપર્કમાં આવે છે. પણ તે પણ ભાવિ-વિકાસની જરૂરિયાત હોય તો જ. તે જરૂરિયાત કદાચ જુની નબળાઈને જીતી લેવાની પણ હોઈ શકે છે.

મૃત્યુ અચાનક આકસ્મિક રીતે અથવા મૂર્છામાં થયું હોય તો ઘણી વખત મૃતાત્માને પોતાને જ થોડો કાળ ખબર પડતી નથી કે મૃત્યુ પામ્યો છે. ધીમેધીમે તેને તેનું જ્ઞાન થાય છે.

ધર્મશાસ્ત્રોમાંની સ્વર્ગ અને નરકની કલ્પના એ વાસ્તવિક સૂક્ષ્મ જગતની હોતી નથી પણ મૃતાત્માએ પોતે જ નિર્માણ કરેલો પોતાનો કલ્પના-લોક હોય છે. ખરેખર આ પ્રક્રિયાદ્વારા ચૈત્યપુરૂષ, પ્રાણમય અને મનોમય કોષમાં દબાણ કરતી ભાવનાઓ અને વિચારોને માર્ગ આપીને, પ્રગટ કરીને, તેમને ખેરવી નાખવાની પ્રક્રિયા જ કરતો હોય છે. આ તેમના વિઘટનની પ્રક્રિયાનો ભાગ છે.

પણ સૂક્ષ્મ જગતોમાં વાસ્તવિક સૂક્ષ્મપાર્થિવ, નિમ્નપ્રાણમય, ઉચ્ચપ્રાણમય, મનોમય પ્રદેશો પણ છે જ. પણ ત્યાં મૃતાત્મા મોડો પ્રવેશે છે.

ઉપર જણાવેલી ઘટનાઓ તો મૃત્યુબાદ તત્કાળ થોડાક અરસામાં જ થતી હોય છે. પ્રાણમય અને મનોમય કોષોના શરૂઆતના વિઘટન પ્રક્રિયાનો તે ભાગ હોય છે.

મૃત્યુકાળે જો વ્યક્તિનો ચૈત્યપુરૂષ અગ્રભાગે હોય અને પોતાની બાબતમાં સભાન હોય તો તે આ શતકો ચાલતી વિઘટનની પ્રક્રિયાને એક ઝાટકે છોડીને સીધેસીધો કારણ શરીરમાં પ્રવેશી ચૈત્યલોકમાં આવી જાય છે અને ઘણી વખત ત્યાં રહીને તે નીચેનાં જગતનો સંપર્ક સાધી ત્યાં કાર્ય પણ કરી શકે છે.

ચૈત્યપુરૂષ મનોમય, પ્રાણમય અને શારીરિક કોષો દ્વારા પોતાને યથાશક્તિ પ્રગટ કરવાનો પ્રયત્ન કરતો હોય છે પણ તે પોતાની સમગ્ર ચૈત્ય-ચેતનાને પ્રગટ કરી શકતો નથી. તે જ્યારે આધ્યાત્મિક - ચેતનામાં પ્રવેશે છે ત્યારથી વધુને વધુ સારી રીતે પોતાને પ્રગટ કરવા માંડે છે અને અતિમનસ કક્ષાએ પૂર્ણ રીતે પ્રગટ કરી શકે છે. અન્ય સમયે તે ઢંકાએલી રહે છે પણ અસ્તિત્વ તો ધરાવે જ છે. અચિત્‌નો પ્રભાવ તેને ઢાંકી રાખે છે. પણ ચૈતસિક જગત તો કાયમ જ રહે છે. વિવિધ જન્મોને જોડનાર તે સાંકળ અથવા સૂત્ર હોય છે તેથી શાસ્ત્રોમાં ચૈત્યપુરૂષને ‘સૂત્રાત્મા’ તરીકે વર્ણવેલો દેખાય છે. ચૈતસિક જગતમાં મૃત્યુ પછી સારભૂત તત્વો પચાવવાની ક્રિયા અને પુનર્જન્મ માટે વિવિધ કોષોને ધારણ કરવાની પ્રક્રિયાનો આરંભ થતો હોય છે. યોગ્ય માતપિતાની શોધ અહિંથી જ લેવાય છે.

નિર્વાણના માર્ગે વિચરનારા સાધકોને આવી ઉર્ધ્વગતિના અનુભવો આવતા નથી. અને આવે તો તે પ્રકૃતિની ભૂતકાળની ગતિના પરિણામ સ્વરૂપ તેઓ અનુભવે છે.

જન્મમૃત્યુના ચક્રમાં આવર્તનો કરનારા ચૈત્યપુરૂષો અને ચૈતસિક જગતના સત્વો આ બન્ને ભિન્ન કોટીના છે. જન્મમૃત્યુની પ્રક્રિયામાં પ્રવેશેલ ચૈત્યપુરૂષ પોતાની દિવ્ય-પ્રકૃતિના સર્જન અને તેને વિશિષ્ઠ ઘાટ આપવાની પ્રક્રિયામાં પરોવાએલો હોય છે. તે વિકાસ કરતો હોય છે. જ્યારે ચૈતસિક જગતનાં સત્વો પહેલેથી જ ચૈતસિક-દેહ ધારણ કરેલાં સત્વો હોય છે. તેઓ ચૈતસિક જગતના રક્ષકો અને વ્યવસ્થાપકો હોય છે. તે વિકાસ પામતા નથી. યથાવત્‌ જ રહે છે. તે જન્મ પણ લેતાં નથી પણ વિકસતા ચૈત્યપુરૂષોને મદદરૂપ જરૂર થાય છે. ઘણી વખત પોતાની વિભૂતિ કે પ્રાદુર્ભાવ પૃથ્વી ઉપર મોકલીને પણ કામ કરે છે. વિશેષતઃ જ્યારે ઉત્ક્રાંતિને નવા તબક્કામાં પ્રવેશવા વિકાસનો મોટો કુદકો મારવો

(અનુસંધાન પાના નં.૪૮ ઉપર)

# શ્રી અરવિંદોપનિષદ

## પ્રકરણ - ૮

## જગત : એક અપ્રગટ બ્રહ્મતત્વ

બ્રહ્મૈવ તદ્। બ્રહ્મૈવ। જગદપિ બ્રહ્મ। સત્યં। ન મિથ્યા॥

બધું જ બ્રહ્મ છે. ખરેખર કેવળ બ્રહ્મ જ છે. આ સ્થૂળ જગત બ્રહ્મ છે. તે પણ સત્ય જ છે. તે ભ્રમ નથી. (પણ હાલમાં જગતદ્વારા બ્રહ્મ તત્વ પ્રગટ થઈ શકતું નથી.)

આ અખિલ બ્રહ્માંડમાં જે કાંઈ સાકાર છે, નિરાકાર છે, સગુણ છે નિર્ગુણ છે, પ્રગટ છે અપ્રગટ છે, ચેતન છે જડ છે, વિનાશી છે અવિનાશી છે, ભૌતિક છે અભૌતિક છે. બધું જ બ્રહ્મ છે. બ્રહ્મ એટલે સર્વવ્યાપી ચેતનાસ્વરૂપ. ચેતના સિવાય અહિં કાંઈ જ નથી. બધા દેખાતા રંગરૂપ તે ચેતનાએ સ્વેચ્છાએ લીધેલાં રૂપો છે. તેના સંકલ્પને કારણે તે રચાયા છે. તેનો સંકલ્પ ન બદલાય ત્યાં સુધી અસ્તિત્વ ધરાવશે. તેનો સંકલ્પ નષ્ટ થતાં વિખેરાઈ જશે. જે કાંઈ છે આ મૂળભૂત ચૈતન્યની જ લીલા છે, રમત છે, ક્રીડા છે.

શાસ્ત્રોમાં આને ચિદ્-વિલાસ-વાદ કહે છે. આ ચેતનાને કોઈ મર્યાદા બાંધી શકતી નથી. તેને કોઈ નિયમ બાંધી શકતો નથી. વિવિધ-શાસ્ત્રોના નિયમો એ તો આ ચેતનાએ લીધેલ એક હાલનો ચાલુ નિર્ણય માત્ર છે. તેને તે બદલી શકે છે. સંકલ્પ સેવવા માટેનું તેનું કોઈ બંધારણ જેને તેણે કાયમી સ્વરૂપે અનુસરવું જ જોઈએ એવું કાંઈજ નથી.

તે બધી રીતે સ્વતંત્ર છે. તે કોઈ પણ એક નિર્ણય લઈ શકે છે. તેના ડરથી પવન વહે છે. તેના ડરથી વરસાદ વરસે છે. ડરમાં જેમ વ્યક્તિ માલિકની આજ્ઞા અક્ષરે અક્ષર અનુસરે તેમ અખિલ બ્રહ્માંડમાંની બધી જ વિશ્વ-શક્તિઓ તેનું અક્ષરશઃ પાલન કરે છે.

ખરેખર તો જગતનું સંચાલન ડરથી થતું નથી. ભીતિથી થતું નથી. પણ પ્રેમથી થાય છે. કારણ ડર અને ભીતી પારકાની લાગે (દ્વિતીયાત્તુ ભયં ભવતિ) પણ અહિં તો પરમ-ચેતના સિવાય કાંઈ જ નથી. તે એક સિવાય કાંઈ જ નથી. તેથી અહિં સંકલ્પ સેવનાર પણ તે જ છે. સંકલ્પાનુસાર કામ કરનાર પણ તે જ છે. આપણું મગજ આજ્ઞા આપે અને હાથપગ હાલે તેવી આ વાત છે.

આ જગત પ્રભુનો એકપાત્રી પ્રયોગ છે. નાટકમાં એકજ વ્યક્તિ બધા જ પાત્રો ભજવે તેવું આ છે.

શાસ્ત્રો કહે છે બધું જ બ્રહ્મ છે. 'સર્વં ખલુ ઈદં બ્રહ્મ'. તેથી આ આપણે જે જગત જોઈએ છીએ તે પણ બ્રહ્મ જ છે. તે પણ બ્રહ્મ જેટલું જ સત્ય છે. અસ્તિત્વ ધરાવે છે. તે ભ્રમ નથી.

શંકરાચાર્ય આ જગતને 'સ્વપ્નવત્' સ્વપ્ન જેવું ગણે છે. શંકરાચાર્યનું ખરેખર કહેવું શું છે? તેનું કહેવું છે કે જેમ આપણું મન સ્વપ્ન-સૃષ્ટિ રચે છે. તેમાની દરેક વસ્તુ આપણા મને જ લીધેલો આકાર છે. મનથી જુદુ તેનું અસ્તિત્વ જ નથી, તેમ આ સમગ્ર જગત એટલે જાણે પ્રભુનું સ્વપ્ન છે (સ્વપ્નવત્) જગતમાંની દરેક વસ્તુ પ્રભુ સિવાય કાંઈ નથી. તેણે લીધેલા જ વિવિધ રૂપો છે.

તો પછી મિથ્યાનો અર્થ શું છે? મિથ્યાની વ્યાખ્યા છે.

વિપર્યયો મિથ્યાજ્ઞાનમ્ અતદ્રૂપ પ્રતિષ્ઠિતમ્ । - (પતંજલી ૧/૮) વિપરીતજ્ઞાન અથવા મિથ્યાજ્ઞાન એટલે વસ્તુ જેવી નથી (અતદ્રૂપ) તેવી તેને માનવી સમજવી (પ્રતિષ્ઠિતમ્)

જગત ખરેખર શું છે? તે પરમ-ચેતનાએ લીધેલા ઘાટઘુટ સિવાય કાંઈ નથી. આ જ વસ્તુ સ્થિતિ છે. 'તદરૂપ' છે તેનું વાસ્તવિક, સાચુ રૂપ છે. પણ તેને જો આપણે પરમ-ચેતનાએ લીધેલ રૂપ ન સમજીએ તો, તેનો અર્થ આપણે તેને તે ખરેખર જેવું છે તેમ સમજતા નથી. આપણી સમજ વાસ્તવિકતાથી જુદી છે. 'અતદ્રૂપ' છે. આવી વાસ્તવિકતાથી વેગળી, જુદી સમજણને માન્ય રાખવી સ્વીકારવી એ જ મિથ્યાજ્ઞાન છે. તે જ ભ્રમ છે. જગત પ્રભુથી જુદુ છે એમ સમજવું એ જ મિથ્યાજ્ઞાન છે.

જ્યારે આપણે ભક્ત તરીકે બધે જ દરેક વસ્તુમાં પ્રભુનાં જ દર્શન કરીશું. (વાસુદેવઃ સર્વમિતિ અથવા સીયારામમય સબજગ જાની અથવા જ્યાં જોઉં ત્યાં જોગમાયા) ત્યારે આપણે જગતને તેના સાચા અર્થમાં અનુભવીએ છીએ. જ્ઞાની દરેક વસ્તુ એટલે આત્માએ લીધેલ અવનવા રૂપ જ માને છે.

જગત તો સત્ય જ છે. કારણ બ્રહ્મતત્વે લીધેલા જ તે આકારો છે. પણ જગતનું આપણે જે 'દર્શન' કરીએ છીએ, સમજણ કેળવીએ છીએ, તે ખોટી છે. સત્યજ્ઞાન અને મિથ્યાજ્ઞાન વચ્ચેનો તફાવત એ 'દર્શન'નો તફાવત છે. તે વસ્તુ બાબતની સમજણનો તફાવત છે. વસ્તુનું અસ્તિત્વ કોઈ નકારતુ નથી. વસ્તુના અસ્તિત્વનો

અહિં સવાલ નથી.

જગત મિથ્યા છે તેનો અર્થ એટલો જ છે કે જગતને આપણે જે રીતે સમજીએ છીએ તેવું તે નથી. જગતનું અસ્તિત્વ તો સ્વીકારેલું જ છે.

શ્રી અરવિંદ અહિં વધારે વાસ્તવિક ભૂમિકા લે છે. આપણે જગતને તે પ્રભુએ લીધેલુ રૂપ છે એમ શા માટે નથી સમજી શકતા ? શું આપણી તે ફક્ત કારણ વગરની ગેરસમજ જ છે કે ખરેખર તે ગેરસમજ થવાનું કોઈ વાસ્તવિક કારણ છે ?

શ્રી અરવિંદ જણાવે છે કે પ્રભુએ જગતનું રૂપ ધારણ કરેલ છે એ વાત સાચી છે. પણ હાલના તબક્કે પ્રભુ પોતે જ પોતે લીધેલા સ્વરૂપો દ્વારા પૂર્ણરીતે પ્રગટ થઇ શકતા નથી. એ ઘટના પણ સત્ય જ છે. તેથી જ આપણને જગતમાં પ્રભુ દેખાતા નથી. ઉત્ક્રાંતિ હજી તે તબક્કાએ પહોંચી નથી. તેને કારણે જ આપણને જગતમાં પ્રભુ દેખાતા નથી. ભવિષ્યમાં જ્યારે આ જગતમાંના રૂપો વિકાસ પામશે ત્યારે તે પ્રભુને પ્રગટ કરવા સમર્થ થશે. ત્યાર પછી જગત બાબતની સર્વ સામાન્ય માનવ ગેરસમજ ધરાવે છે તે નહિં રહે. આંધળો પણ પ્રભુને જોઈ શકશે. તેથી જગત હાલમાં આપણને પ્રભુ વિનાનું લાગે છે. પ્રભુના હાજરી વિનાનું લાગે છે તે પણ એક સત્ય વાસ્તવિકતા જ છે એમ માનવું જોઈએ. જગત વિકાસ પામી રહ્યું છે એ એક વાસ્તવિકતા છે. જગત હાલમાં પૂર્ણ વિકસીત નથી એ પણ વાસ્તવિકતા જ છે.

જગત હજી બ્રહ્મતત્વને પ્રગટ કરી શકતું નથી. એ ઘટના સત્ય જ છે. ભ્રમ નથી. જગતમાં પ્રભુને પ્રગટ કરવાની ક્ષમતા હાલના તબક્કે નથી એ વાસ્તવિક સત્ય જ છે.


## ''અર્પણ''

### ''સહજ-સત્સંગ''

એટલે પૂર્ણ ભાગવત કાર્ય. આ અમૂલ્ય સાહિત્ય હોઈ તેનું ચોક્કસ લવાજમ રાખવામાં આવ્યું નથી છતાં આ કાર્યનો ખર્ચ પણ ઘણો આવે છે. આપ અમને સહાયરૂપે ઓછામાં ઓછા રૂા.૧૦૧/- મોકલી શકો. આ માત્ર લવાજમ ન ગણતા તે પ્રભુના કાર્ય માટે આપણું નજીવું ''અર્પણ'' છે અને તે આપણા જીવનમાં અધ્યાત્મ-માર્ગે વધુ પ્રગતિ માટે સાધનાનું અંગ પણ બની રહે છે. આપણે પ્રભુનું આપેલું પ્રભુને ''અર્પણ'' કરીએ.

અમારા આ કાર્યમાં આપનો સહયોગ મળતો રહેશે તેવી શ્રદ્ધા છે.

# વેદ વિજ્ઞાન
## વૈદિક વિદ્યાઓ
પ્રકરણ-૩ - (ગતાંકથી ચાલુ)

**વૈદિકસૂક્તો - પુરુષ સૂક્ત**

(યજુર્વેદ - અધ્યાય-૩૧)

યજુર્વેદના ૩૧મા અધ્યાયમાંના કુલ ૨૧ મંત્રોને ''પુરુષ સૂક્ત'' કહેવામાં આવે છે. તે રૂદ્રાષ્ટાધ્યાયીનો બીજો અધ્યાય પણ છે. ગીતામાં જેનો ઉલ્લેખ કર્યો છે, તે પુરુષોત્તમ અથવા ઉત્તમપુરૂષનો સાક્ષાત્કાર કેવી રીતે કરવો તે આ સૂક્તમાં દર્શાવેલ છે.

ઉત્તમપુરૂષ સર્વવ્યાપી તેજસ્વી સુવર્ણમય પ્રકાશ સ્વરૂપ અસીમ ચેતના છે. તેની દ્વારા જ બધા પ્રકારનાં પ્રાણીઓમાં જીવન પ્રકટ થાય છે. તેથી આ ઉત્તમપુરૂષ જાણે હજારો મસ્તક, હજારો પગ અને આંખો દ્વારા વૈશ્વિક જીવન જીવતો હોય એવું લાગે છે. તે ચેતના દરેક પ્રાણીમાં ઓતપ્રોત રહેલ છે અને તેના શરીરની બહાર પણ ફેલાએલી છે.

દરેક પ્રાણીમાં નિર્માણ થએલ વિચારો ભાવનાઓ તથા શારીરિક તત્ત્વો અને ભવિષ્યમાં થનારા તત્ત્વો આ બધીજ વસ્તુઓ આ ઊત્તમપુરૂષના વિવિધરૂપો સિવાય કાંઈ નથી.

ભ્રુમધ્યમાં પ્રકાશતો સૌમ્ય તેજ પ્રકાશની અસીમ ચેતના સ્વરૂપ અક્ષર પુરૂષ અને ભૌતિક શરીરનાં હૃદયપ્રદેશમાં રહેતી સીમિત ચેતના સ્વરૂપ ક્ષરપુરૂષ (ચૈત્યપુરૂષ)નો પણ તે સ્વામી અને નિયંતા છે. માટે જ તેને આ બન્નેથી શ્રેષ્ઠ એવો ઉત્તમપુરૂષ કહ્યો છે.

આ ઉત્તમપુરૂષનો ફક્ત ભૌતિક ભાગ જ શરીરમાં ઓતપ્રોત છે. બાકીનો પોણો ભાગ અર્થાત સૂક્ષ્મ પાર્થિવ, પ્રાણ, મન તથા ચૈતસિક સ્વરૂપો તો સૂક્ષ્મ અને કારણ શરીરમાં ફેલાએલો છે. ભૌતિક સ્વરૂપ નાશવંત છે. સૂક્ષ્મ શરીર વધારે ટકાઉ છે જ્યારે કારણ શરીર સનાતન છે.

મસ્તકની ઉપર સૌમ્ય ચંદ્ર પ્રકાશ સ્વરૂપે પ્રકાશતો ઉત્તમપુરૂષ, ભ્રુમધ્યમાં વ્યક્ત થતો અક્ષરપુરૂષ અને હૃદયમાં વ્યક્ત થતો કાયમ જન્મ મરણનાં ફેરામાં ફરતો ક્ષરપુરૂષ વિકાસ સાધતો હોય છે. તે વિકાસ પૂર્ણ થતાં જ ચૈત્યપુરૂષની ચેતના પણ હૃદય સ્થાનને છોડીને પ્રથમ અક્ષર પુરૂષના ભ્રુમધ્ય સ્થાને મસ્તકમાં સ્થિર થાય છે અને તેની ઉપર સાધકની સક્રિય કે નિષ્ક્રિય અવસ્થાના પરિણામો થતાં નથી. આને જ ઉન્મની અવસ્થા કહે છે.

આ ઉન્મની અવસ્થા સાથે વિશાલતાની અનુભૂતિ પણ જન્મે છે. આ વિશાલતામાં

જ ચેતના જીવનના કાર્યકલાપો ઉપર અધ્યક્ષ તરીકે નિયંત્રણ રાખે છે. આ અક્ષર પુરૂષની અવસ્થા છે. તે બાદ તે અવસ્થાને પાર કરીને સાધકની ચેતના મસ્તકની ઉપર દશ આગળ અવકાશમાંની તેજોમય ચેતનામાં સ્થિર થાય છે. તે અક્ષર અને ક્ષરપુરૂષનો સ્વામી છે. તે પોતાના કાર્યનો ક્ષેત્ર વિસ્તાર કરી, તેજોમય ચેતના સ્વરૂપે, ઉત્તમપુરૂષની ચેતના રૂપે, અવતરણ પામી ભૌતિક શરીરના પાર્થિવ તત્ત્વનો કબજો લઈ તેનું રૂપાંતર કરે છે. અવતરણ વખતે તે મૂળસ્થાન છોડતી નથી પણ પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તારે છે. આ રૂપાંતરની પ્રક્રિયા સ્વરૂપ યજ્ઞમાં સાધકના મન. પ્રાણ, શરીર રૂપાંતર પામી તે આ તેજોમય ચેતનાના આજ્ઞાંકિત ચાકર બની જાય છે. તેના પ્રકટીકરણના પૂર્ણ માધ્યમ બની જાય છે. તે દૂધના સારરૂપ ઘીની જેમ જીવનના સારરૂપ આનંદ સ્વરૂપ બની જાય છે.

આ આનંદ એટલો સમર્થ હોય છે કે તેને લીધે જંગલી, અસંસ્કૃત અને પશુ સમાન અચિતને આધિન શારીરિક કોષો પણ તે આનંદને ધારણ કરતાં થાય છે. અચિત્નો આધાર છોડે છે. આનંદનો આશ્રય લે છે.

આવી સ્થિતિમાં સાધકને સત્યદર્શી વેદવાણીરૂપ મંત્રો, સ્તવનો અને મર્મી કાવ્યોની સ્ફૂરણા થાય છે. તેને દિવ્ય-દર્શનો, શ્રવણો કહેવાય છે.

સાધકનું પ્રાણતત્ત્વ પણ શુદ્ધ થઈને તે ભુક્તિ અને મુક્તિનો દિવ્યાનંદ ભોગવે છે. સાધકને આંતરિક દિવ્ય-પ્રકાશનો સાક્ષાત્કાર થાય છે. અને સાધક વધુને વધુ પરમ પ્રભુને સમર્પિત થતો જાય છે. અર્થાત તે તેજ સાથે એકરૂપતા સાધે છે. આનંદમય પ્રભુને સમર્પિત બને છે.

સાધકો અને સિદ્ધો આવી જ રીતે તે પ્રકાશસ્વરૂપ ઉત્તમપુરુષને આરાધે છે. તેની તીવ્ર ઊર્ધ્વગામી અભીપ્સાથી જ ઉત્તમપુરુષનો સાક્ષાત્કાર થાય છે.

ગૂઢ મર્મી ભાષામાં આવા ઉત્તમપુરુષના લક્ષણો પૂછવામાં આવે છે અને મર્મીઓ તેનો જવાબ આપતાં કહે છે કે તે એક સભાન અવસ્થા છે. અર્થાત ખૂબજ જાગૃત એકાગ્રતા સ્વરૂપ અવસ્થા છે. તે અવસ્થા તેજોમય છે. તેજ સ્વરૂપ છે. તે વિશાલ ચેતના સ્વરૂપ છે અને તે ખૂબજ નમનીય, નાજુક, મૃદુ અવસ્થા છે. ત્યાં સ્થિર રહેવું ખૂબજ મુશ્કેલ છે. આ ઉત્તમપુરુષના સાક્ષાત્કારને કારણે સાધકના જીવનમાં શીતલતા, સંતોષ, તેજસ્વિતા આવે છે. સૂક્ષ્મ લોકોમાં જોવાની સૂક્ષ્મ દૃષ્ટિ વિકાસ પામે છે અને અચાનક ભૂતકાળ કે ભવિષ્યકાળના મર્મી વચનોની સ્ફૂરણા થાય છે. તેનું પ્રાણતત્ત્વ શાંત અને ઉત્પાત વગરનું ગંભીર બને છે. સાધક મસ્તકમાં પ્રકાશ અનુભવે છે. તેનું શરીર દિવ્ય પ્રકાશને સ્થિરતાથી ધારણ કરે છે. તે આત્મજ્ઞાની બને છે. તેને સ્થળ, કાળ અને પરિસ્થિતિ બધી રીતે અનુકૂળ થતી જાય છે.

આ રૂપાંતરની પ્રક્રિયા એક યજ્ઞ સ્વરૂપ હોઈને આ શરીર તેની વેદી અર્થાત હવનકુંડ છે. સપ્તધાતુ એ હવનકુંડના સાત કાંગરા છે. પંચ પ્રાણ, પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રીય, પંચભૂતો અને મન એમ એકવીસ તત્ત્વો એ સમિધા અને હવિર્દ્રવ્ય છે. કારણ આ બધામાં ઉત્તમપુરૂષનો પ્રકાશ સ્થિર કરવાની તે સાધના કરતો હોય છે. જાણે તે પ્રજ્જવલિત અગ્નિમાં તેમની આહૂતિ આપતો હોય છે.

ઉપર જણાવેલાં ૨૧ તત્ત્વો, આ યજ્ઞથી રૂપાંતર પામી પોતાનું મૂળ શુદ્ધ સ્વરૂપ ફરી પ્રાપ્ત કરે છે અને તેઓ દૈવિ-શક્તિઓના સંકલ્પાનુસાર પોતાનું કાર્ય કરીને સ્વર્ગીય સુખ માણે છે.

વૈશ્વિક દિવ્ય પ્રાણ-શક્તિ પાસેથી દિવ્ય-અંશો લઈને ઉત્તમપુરૂષ સાધકનાં મન, પ્રાણ, શરીરને દિવ્યતા અર્પે છે. આ ઉત્તમપુરુષની નવસર્જન શક્તિને વેદોમાં 'ત્વષ્ટા' કહે છે. ત્વષ્ટા એટલે સુથાર. સુથાર જેમ અણઘડ લાકડાને તરાસીને ઘાટ આપે તેમ ઉત્તમપુરુષ ઘાટ આપે છે.

આવી રીતે અસીમ સુવર્ણરંગી દિવ્ય ચેતનારુપી ઉત્તમપુરુષને જાણવો, અનુભવવો, એજ આ મર્ત્ય-જીવનની પેલેપાર જવાનો એક માત્ર રસ્તો છે. બીજો કોઈ માર્ગ નથી.

આ પાર્શ્વભૂમિ સાથે હવે આપણે પુરુષ-સૂક્તનો અર્થ જોઈએ તો જણાશે કે શ્રી અરવિંદની રૂપાંતરની સાધનાનાં બીજ આ સૂક્તમાં આપણે સ્પષ્ટરીતે જોઈ શકીએ છીએ.

ગીતાના પંદરમાં અધ્યાયમાં ક્ષર, અક્ષર અને ઉત્તમપુરુષના જે સંદર્ભો આવે છે તે આ પુરુષ-સૂક્તમાંની સાધના જે ગીતાનાં અઢારમા અધ્યાયમાં સમજાવી છે તેના પાયારૂપ વિગતો છે.

શ્રી અરવિંદે આ જ વિગતો સાવિત્રીમાં નીચે મુજબ વર્ણવી છે. (સાવિત્રી - બુક-૧, કેન્ટો-૩, પેજ-૪૯)

The truth of all these cryptic shows in space,
The real towards which our striving moves,
The secret grandiose meaning of our lives,

અવકાશમાં શરીરની બહાર, મસ્તક ઉપર દેખાતા, અનુભવાતા આ ગૂઢ (Cryptic) અનુભવોમાં જણાતું સત્ય મેળવવા જ આપણું જીવન અભીપ્સા સેવતું હોય છે. આપણા જીવનનું તે જ ગુપ્ત ભવ્યાતિભવ્ય મકસદ (grandiose) છે. (ક્રમશઃ)

# સાવિત્રી-સાર

પ્રકરણ-૭૪

- માન

## આત્મદૃષ્ટિનો અંતિમ સાક્ષાત્કાર

(Savitri - B-1. C-3, P 28)

અશ્વપતિની આત્મદૃષ્ટિ સ્થિર અને સ્થાયી થતાં હવે તેનો દેહાધ્યાસ (પોતે શરીર પૂરતો જ મર્યાદિત છે અને શરીરના આધારે જ જીવી શકે છે એવો ભય) હવે નિર્મૂળ થવા લાગ્યો હતો. પોતાની ચેતના સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત છે અને તે સજીવ પ્રાણીઓ દ્વારા પ્રગટ થઈ ક્રિયા કરી શકે છે. શરીર તેના અભિવ્યક્તનું માધ્યમ છે. તેના અસ્તિત્વનો આધાર નથી એની એને ખાતરી થઈ ગઈ છે. પોતે શરીર નથી પણ શરીરને વાપરનારી ચેતના છે. એની તેને હવે બાલંબાલ ખાતરી થઈ ગએલ છે. શ્રી અરવિંદ તેની આ અનુભૂતિને વ્યક્ત કરતાં કહે છે કે "Lifing the heavy curtain of the flesh" શરીર બાબતનો ભ્રમ એટલો મજબૂત હોય છે કે તે અંતે જ ભાંગે છે. તેથી શ્રી અરવિંદ તેને "Heavy curtain" ભારેખમ પડદો - પડળ - તરીકે વર્ણવે છે. આ શરીરનો ભ્રમ ટળતા જ સાધક હવે વિશ્વ-ચેતનામાં પ્રવેશવાની તૈયારી કરતો હોય છે. તેને શરીર-ચેતનાની અંતિમ સીમાઓ દેખાય છે.

માનવી શરીરમાં મૂલાધારથી માંડીને સહસ્ત્રાર સુધીનાં સાત યોગ-ચક્રો હોય છે અને દરેક ચક્ર એટલે એક એક સૂક્ષ્મલોકનું દ્વાર હોય છે. છેલ્લો સત્યલોક હોય છે તેનું દ્વાર સહસ્ત્રાર ચક્ર હોય છે. સત્યલોક એ વ્યક્તિ-ચેતનાનો સિમાંત પ્રદેશ છે. વ્યક્તિ-ચેતનાને જ કુંડલિની શક્તિ કહી છે. તે ચેતનાં નિમ્ન સ્તરેથી એક એક ઊર્ધ્વ સ્તર અથવા લોક ક્રમશઃ વટાવતી વટાવતી ઉપર ચડતી હોય છે. આ ચેતનાની ઉપર ચડવાની ગતિ જે સંવેદનો સાધકમાં નિર્માણ કરે છે તેના આધારે તેને નાગિણી અથવા સર્પિણીનું રૂપક અપાય છે. તે વ્યક્તિ ચેતના સતત ચક્રાકાર ગતિથી ઉપર ચડે છે. સ્પ્રીંગની જેમ તેની ઊર્ધ્વમૂખી ગતિ હોય છે. ચક્રાકાર દાદરા જેવી તેની ગતિ હોય છે. આ ગતિ નાગની કે સાપની થાંભલે ચડવાની ચક્રાકાર ગતિ જેવી અનુભવાય છે. ચક્રાકાર ગતિને લીધે એક તરફ તેને કુંડલિની કહે છે. બીજી બાજુ સર્પિણી કહે છે. કુંડલ એટલે ચક્રાકાર. આવી રીતે સાતે ચક્રોમાં આ

વ્યક્તિ-ચેતના ચક્રાકાર ગતિથી આરોહણ કરતા અંતે સત્યલોકમાં પ્રવેશે છે. આ સહસ્ત્રાર-ચક્ર પછી વ્યક્તિ-ચેતનાનો પ્રદેશ પૂરો થાય છે. અને ચેતના વૈશ્વિક-ચેતનાના ક્ષેત્રમાં પ્રવેશે છે. નીચેના સાતે ચક્રોનો પ્રદેશ એ વ્યક્તિ-ચેતનાનો છે. તેણે તે જોએલો અને જાણેલો હોય છે. તેથી શ્રી અરવિંદ તેને "serpent watched" કહે છે. પણ વૈશ્વિક-ચેતનાનો પ્રદેશ તેને માટે અજાણ્યો હોય છે. સહસ્રાર ચક્ર જ્યાં પુરુ થાય છે ત્યાં 'બ્રહ્મરંધ્ર' અથવા બ્રહ્મદ્વાર અથવા 'દશમદ્વાર' આવે છે. તેને દશમું દ્વાર એ માટે કહે છે કે શરીરરૂપી ગામમાંથી બહાર જવાનાં નવ દ્વાર છે (નવ દ્વાર પૂરે દેહિન) બે આંખો, બે કાન, બે નસકોરાં, એક મુખ એક લિંગ અને એક ગુદા મળીને નવ દ્વાર હોય છે. આ નવેનવ દ્વાર સામાન્ય જીવ અથવા સામાન્ય ચેતના વાપરે જ છે. પણ આ શરીરની બહાર નીકળવાનું એક ગુપ્તદ્વાર હોય છે. જેમાંથી ભાગ્યે જ કોઈ માણસ બહાર જાય છે. તેને જ દશમદ્વાર અથવા બ્રહ્મદ્વાર અથવા બ્રહ્મરંધ્ર કહે છે. રંધ્ર એટલે છિદ્ર. બ્રહ્મતત્વમાં પ્રવેશવાનું છિદ્ર એટલે જ આ બ્રહ્મરંધ્ર, બ્રહ્મદ્વાર અથવા દશમદ્વાર !

તેને શ્રી અરવિંદ gleaming endless - corridors કહે છે. કારણ તેમાં વિશ્વ-ચેતનાનો મંદ પ્રકાશ ફેલાએલો હોવાથી જ્યારે વ્યક્તિ ચેતના આ દ્વાર પાસે આવે છે ત્યારે તેને તેમાંથી પ્રકાશ બહાર આવતો લાગે છે. તેથી શ્રી અરવિંદ તેને gleaming શબ્દથી વર્ણવે છે પણ શ્રી અરવિંદ તેને endless પણ કહે છે કારણ તે દ્વાર પછીના પ્રદેશને કોઈ અંત નથી. અહિં શ્રી અરવિંદ આ બ્રહ્મરંધ્રને corridors કહે છે. અન્યત્ર તેને tunnel તરીકે વર્ણવેલ છે. તે ભોંયરા જેવું છે. તેમાંથી પસાર થયા પછી સાધક સીધે સીધો વૈશ્વિક-ચેતનામાં જ સભાન બને છે. જ્યારે વ્યક્તિ-ચેતનામાંના મનના કોલાહલો, વિચાર પ્રવાહો તદ્દન શમી જાય છે, મન નીરવ થઈ જાય છે ત્યારે જ આ બ્રહ્મદ્વારમાં પ્રવેશ મળે છે. મન શાંત થએલ હોય છે પણ સુપ્ત થએલ હોતું નથી. તે મૂઢ પણ બનતું નથી. તે તમસના પ્રભાવ નીચે આવતું નથી. તેથી તે ખૂબજ જાગૃત, એકાગ્ર અને આગળ શું દેખાય છે, અનુભવાય છે તે માટે ઉત્સુક, જીજ્ઞાસુ, હોય છે તેથી શ્રી અરવિંદ તે અવસ્થાને silent and listening in the silent heart તરીકે વર્ણવે છે. અન્તકરણ તદ્દન શાંત થઈ ગએલ હોય છે. અને જે કાંઈ નવું અને અજાણ્યું દેખાશે તે જોવા અનુભવવા ઉત્સુક છે. શ્રી અરવિંદ જણાવે છે કે

He stood upon the threshold serpent - watched,

And peered into gleaming endless corridors,
Silent and listening in the Silent heart
For the coming of the new and the unknown.

અશ્વપતિ પ્રશાંતિમાં મગ્ન છે. મન નિરવ અને નિશ્ચળ થઈ ગયું છે. એકાગ્રતા તેની અત્યુચ્ચ કોટિએ પહોંચી ગઈ છે અને સામે દેખાતા શૂન્યાવકાશમાં તેને કાંઈક બનવાની ઈન્તેજારી છે. હજી કાંઈ હાલચાલ કે સંવેદનો જણાતા નથી. ત્યાં અશ્વપતિને પોતાની બુદ્ધિમાં કાંઈક અવતરણ પામશે એવા સંવેદનો જાગવા માંડે છે. કોઈ અદ્‌ભૂત અનામી સત્ય બુદ્ધિમાં કોઈ કલ્પના તરીકે સાકાર થવા મથી રહ્યું છે એવું અશ્વપતિને લાગે છે. કોઈ કલ્પના બહારની વસ્તુ સાકાર થવાની છે એવું અશ્વપતિને લાગે છે. શ્રી અરવિંદ જણાવે છે કે

He gazed across the empty stillnesses
And heard the foot steps of the undreamed Idea

શ્રી અરવિંદ Idea નો આદ્યાક્ષર કેપિટલ કરીને તે કોઈ દિવ્ય ઘટના હશે, તેનો મૂક સંકેત આપી રહ્યાં છે. તે અતિમનસ જગતના અવતરણના સંવેદનો હતાં જે જગત પ્રથમ વખત જ આવિર્ભાવ પામવાનું હતું. જે બાબત માનવને કલ્પના કરવી પણ શક્ય નથી. જેની ક્ષમતા અને માનવથી તદ્દન ભિન્નતા વિલક્ષણ કોટીની હતી.

માનવને અત્યાર સુધી દેવતાઈ જગતનો આછોપાતળો પરિચય થયો છે. તેની પેલીપાર કોઈ જગત હોવું શક્ય જ નથી, એવું તે માનવા લાગ્યો છે. દેવતાઈ જગતનાં, અધિમનસનાં દેવોનો પ્રચંડ પ્રભાવ, નવું જગત રચવાની ક્ષમતા, તેજોમયતા અને શક્તિઓને જોતાં આ જ પ્રભુનું અંતિમ રૂપ છે એવી ભાવના માનવોના મનમાં સ્થિર થઈ ગઈ છે. આ જ જગતનો છેડો છે એવું એને લાગે છે.

આ દેવતાઈ જગતનાં રૂપો અને વિવિધરૂપો છે એમ તેને લાગે છે. આ અધિમનસ અને પરમ-પ્રભુ વચ્ચે બીજી કોઈ હસ્તીજ નથી એવું તેમને લાગે છે. તેથી આ દેવો જ પરમ-પ્રભુ રૂપ છે, એવું તે માનતા થયાં છે. શ્રી અરવિંદ આ બધી માન્યતાઓ અને શ્રદ્ધાઓને "In the far avenues of the beyond" તરીકે વર્ણવે છે. દેવતાઈ જગતની પણ શ્રેણીઓ છે જેને "far avenues" તરીકે શ્રી અરવિંદ જણાવે છે.

પણ અશ્વપતિને આશ્ચર્ય લાગે છે કે તેને જે સંવેદનો આવી રહ્યાં છે તે પેલા દેવતાઈ જગતની પણ પેલીપારનાં છે. તે પેલા દેવતાઈ જગતનાં સંવેદનોને તો

સારી પેઠે ઓળખે છે. તેમાં દરેક દેવના સંવેદનોમાં થોડો તફાવત હોય છે, જે તે દેવની પ્રકૃતિ અનુસાર આ તફાવત જણાય છે. તે એક ખાસ વ્યક્તિ-સ્વરૂપનાં સંવેદનો લાગે છે. વ્યક્તિગત પ્રભાવ લાગે છે. સમગ્ર દેવતાઈ જગતના સામૂહિક સંવેદનોને પણ અશ્વપતી ઓળખતો હતો. આવી રીતે તે વ્યક્તિ (વ્યષ્ટિ) અને સમષ્ટિ બન્ને પ્રકારનાં દેવતાઈ જગતથી સુપરિચિત હતો.

પણ આ સંવેદનોમાં ન વ્યક્તિ સ્વરૂપની વિશેષતા હતી ન સમષ્ટિ સ્વરૂપની પણ બન્ને સ્વરૂપોને એકી સાથે તે અનુભવી રહ્યો હતો. આ સંવેદનો જાણે વ્યક્તિ અને સમષ્ટિ બન્નેથી પરની કોઈ વસ્તુનાં હતા. જે એકી સાથે વ્યક્તિ પણ હતી અને સમષ્ટિ પણ હતી. ત્યાં વ્યક્તિ-ભિન્નતા હોવા છતાં તેની મર્યાદાઓ જણાતી નહોતી. જાણે ભેદભાવ ઓગળી ગયો હોય અને એકરૂપતા સધાઈ ગઈ હોય એવા સંવેદનો જાગતા હતા.

અશ્વપતિને ખરેખર લાગ્યું કે આવા સંવેદનો પણ હોઈ શકે છે એવી તો તેને કલ્પના જ નહોતી.

ત્યાં તે સંવેદનો વધારે તીવ્ર થવા લાગ્યાં. વધારે સ્પષ્ટ થવા લાગ્યાં. અશ્વપતિને તે કોઈ ગૂઢ નાદ હોય એવું લાગ્યું. કોઈ ગૂઢ શબ્દો હોય એવું લાગવા લાગ્યું.

અશ્વપતિને એક ઘેરો, ગંભીર, સત્યનો રણકો ધરાવતો અવાજ સંભળાયો. એ મૂળભૂત શબ્દ હતો તે બધા જ શબ્દોનો જનક હતો. મૂળ ઉત્પત્તિ સ્થાન હતું. તે શબ્દ અખિલ બ્રહ્માંડમાંની બધી વસ્તુઓનું ઉગમ સ્થાન હતું. તેમાં દેવતાઈ જગતનો પણ સમાવેશ થઈ જાય છે. દેવોનું પણ તે જન્મસ્થાન હતું. તે શબ્દ સર્વ સમર્થ અને સર્વજ્ઞ લાગતો હતો. તેના શબ્દોમાં જાણે સત્તાવાહી સામાર્થ્ય હતું. તે 'ઉદ્‌ગીથ' હતું. બ્રહ્મયોની હતી, જ્યાં પરમ-ચેતનાનો એક નાનકડા અંશમાં સક્રિયતા નિર્માણ થાય છે અને તે સક્રિયતાએ અધિમનસના જગત સાથે જ સમગ્ર, અખિલ બ્રહ્માંડનું સર્જન પોતાના સંકલ્પમાત્રથી. કલ્પનામાત્રથી કરેલ છે.

તે પરમ-પ્રભુનો પ્રદેશ હતો જ્યાં પ્રભુનો આદિ-સંકલ્પ જાગેલો. જ્યાં અનંતરૂપે પ્રગટ થવાનો સંકલ્પ પ્રગટ થએલો. તે સંકલ્પમાંથી જે આંદોલનો જન્મ્યાં. જે છંદો જન્મ્યાં, જે 'ઉદ્‌ગીથ' અર્થાત આંદોલનોનો ફૂવારો નિર્માણ થયો તે સ્થાન હતું. ત્યાં બધા જ આંદોલનોનો સામૂહિક નાદ ઘૂઘવી રહ્યો હતો. તે જ ૐકાર નાદ હતો. તે જ નાદ-બ્રહ્મ હતું. તેને જ શ્રી અરવિંદ "Word that

knows" કહે છે. word નો આદ્યાક્ષર કેપિટલ કરીને શ્રી અરવિંદ આને જગતનું દિવ્ય જન્મસ્થાન ગણાવે છે.

ઉપનિષદો અને બાયબલ, કુરાન બધા જ આ શબ્દ-બ્રહ્મનો ઉલ્લેખ કરે છે.

આ ક્ષણે અશ્વપતિની ચેતના સડેડાટ વિશ્વાતીત ચેતના સાથે ક્ષણિક એકરૂપતા સાધે છે અને અશ્વપતિને પોતે જ પરમ-ચેતના છે એવો ઝબકારો થાય છે. તે જાણે છે કે આ બ્રહ્મ-યોનિ અને નાદ-બ્રહ્મ તેનો જ અંશ છે. અને આ બધી ઘટનાઓ તેના જ વિશાલતર, અસીમ ચેતનામાં થએલી. અશ્પતિને આશ્ચર્ય લાગ્યું કે આ તો તેનો પોતાનો જ ચેહરો છે. પોતાનું જ સ્વરૂપ છે.

અને આ ફક્ત અશ્વપતીનું જ નહિં પણ આપણા બધાનું જ સ્વરૂપ છે. શ્રી અરવિંદ આ સમગ્ર ગૂઢ ઘટના નીચે મુજબ વર્ણવે છે...

He heard the secret Voice, the word that knows,
And saw the secret face that is our own.


આ ગુપ્ત અને ગૂઢ સત્યની, જે અધિમનસની પણ પેલેપાર છે, તેની એક આછેરી ઝાંખી અશ્વપતીને એક ઝબકારા સાથે થઈ અને અશ્વપતિ દિગ્મૂઢ બની ગયો. સ્તબ્ધ બની ગયો. મહામૌનમાં સરી પડ્યો.

---

પાના નં ૩૭નું આગળ

## પત્રોત્તર

હોય છે ત્યારે. જાતિ અને લિંગ એ શારીરિક-ઘટના છે તેનો ચૈત્યપુરૂષ સાથે સંબંધ નથી. પણ પુનર્જન્મમાં પુરૂષે, પુરૂષો તરીકે અને સ્ત્રીઓ સ્ત્રીઓ તરીકે જન્મતી વધારે દેખાય છે. અપવાદ તરીકે લિંગમાં ફેરફાર પણ થાય છે. દા.ત. શિખંડી ચૈત્યપુરૂષનું ચૈતસિક-જગત એ અન્ય-જગતોની જેમ વિકાસની શ્રેણીમાંનો એક તબક્કો નથી પણ બધા જ જગતોની પાછળ રહીને સતત વિકાસ કરાવતું જગત છે. બીજા જગતોમાં વિકાસાનુસાર પ્રવેશ અને વિદાય થતી હોય છે. પણ તેમનાં વિકાસને આગળ ધપાવનાર, પોષનાર નો ચૈત્યપુરૂષ જ હોય છે. તે બધાજ જગતોમાં પાછળ રહીને કે આગળ આવીને કામ કરતો હોય છે. તેની દ્વારા જ દિવ્ય-પ્રકૃતિ દિવ્ય-શરીરની રચના કરતી હોય છે. તે સ્થાયી બળ છે. (ક્રમશઃ)



**શ્રી અરવિંદ**

શાશ્વત અવતારાય, શ્રી અરવિંદાય નમોસ્તુતે ।
દિવ્યસૃષ્ટિ રચનાર્થં ત્વયા દત્તં સ્વજીવનમ્ ।

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS FOR INDIA
No. 07598/22 A.K. 9 - T.C. REGD. No.GRJ-303



આગળ પાછળ, ઉપર નીચે,
સપ્ત તલોની હેઠળ,
તારું અનુપમ તંત્ર વિરાજ્યું
તું સચ્ચિદઆનંદ કેવળ.
અમે રહ્યા ભિક્ષુક, પણ તેં તો
ઝોળી ઝુંટાવી લીધી,
સ્વર્ણગિરિનાં શિખરો આવ્યાં
બ્રહ્મ સમાધિ દીધી.
ભમે અમારા રથ, હાથી ને
ઘોડા અણગણ ઘૂમે,
દશે દિશાના પવન ધસમસી
નયન ચરણ તવ ચૂમે.

**તૂ દોરે, પ્રેરે, પદ પદ પ્રકાશ પૂર્ણ પ્રબોધે,**
**પણ મુખ તારું કેવું - હૃદય તુજ, અંતર ગાંડું શોધે.**

સુંદરમ્
૨૧.૧૦.૮૨

DATE OF POSTING : 1st OF EVERY MONTH